Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી મહાવીર સંદેશ. ... | સ૦ શ્રી કપૂર વિ૦ મહારાજ... ... | ૧૨૯ |
| ૨ | શ્રી ઉપમિતિભવપ્રપંચાકથાનું ભાષાંતર... | ‘મનોનંદન’ ... ... | ૧૩૧ |
| ૩ | જૈન–આચાર ... ... | શુદ્ધ આચાર ઇચ્છક... ... | ૧૩૩ |
| ૪ | શિવપદસોપાન. ... | આત્મવલ્લભ... ... ... | ૧૩૫ |
| ૫ | મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. | વિ. મૂ. શાહ. ... ... | ૧૩૮ |
| ૬ | અમારી પૂર્વદેશની યાત્રા. | મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ... ... | ૧૪૪ |
| ૭ | આજે સમાજને કેવા આગેવાનના જરૂર છે ? | જ્ઞાતિસમાજસેવક. ... | ૧૪૮ |
| ૮ | સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... | | ૧૪૯ |
| ૯ | વર્તમાન જૈન સમાચાર. ( શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજીનું- ... ... ભાવનગરમાં સ્વાગત. ) ... ... ... ... ... | | ૧૫૦ |
| ૧૦ | મુનિ સંમેલન સંબંધી ... ... ... ... ... | | ૧૫૨ |



જલદી મંગાવો. થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## “ નવું પ્રકટ થતું જૈન સાહિત્ય. ”

૧ બૃહતકલ્પસૂત્ર—પ્રથમ ભાગ. ફોર્મ ૩૮ સવાત્રણુશેંહ પાનામાં, એંકલેઝર ઉંચી જાતના પેપરો ઉપર. કિંમત ચાર રૂપીયા.

૨ શ્રી કર્મગ્રંથ (ચાર) શ્રી દેવેન્દ્રસૂરિકૃત (સ્વોપજ્ઞ) ટીકા સહિત—બત્રીશ ફોર્મ પોણુાત્રણુશેંહ પાના ( સૂપરરોયલ આઠ પેજી સાઇઝ ) ક્રોક્ષલીલેઝર કિંમતી કાગળો ઉપર બંને ગ્રંથો મુંબઇ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં શાસ્ત્રી સુંદર વિવિધ ટાઇપોથી છપાવેલ છે. બાઈંડીંગ ( પુંઠા ) પાકું સુશોભિત ટકાઉ કપડાથી તૈયાર કરાવવામાં આવેલ છે. કિંમત ત્રણુ રૂપીયા. ( પોસ્ટેજ જુદું ). ( એક માસમાં તૈયાર થશે )

કૃપાળુ મુનિરાજો શ્રી ચતુરવિજયજી મહારાજ અને શ્રી પુણ્યવિજયજી મહારાજના સંશોધન વગેરે અથાગ પરિશ્રમના ફળરૂપે આવું ઉચ્ચ સાહિત્ય પ્રગટ થાય છે. વિશેષ પરિચય હવે પછી.

### ગુજરાતી ભાષાના ગ્રંથો.

શ્રી પ્રભાવકચરિત્ર. ( આધુનિક જૈન ઐતિહાસિક અપૂર્વ ગ્રંથ. ) જૈનશાળા, સ્કુલો, વિદ્યાલયોમાં શિક્ષણુ ગ્રંથ તરીકે ચલાવવા યોગ્ય.... .... ૨–૮–૦

શ્રી પેથડકુમાર ચરિત્ર. ( ,, ) .... .... .... ૧–૦–૦

શ્રી ધર્મ પરીક્ષા. .... ૧–૦–૦ શ્રી સુરસુંદરી ચરિત્ર.... છપાય છે.

શ્રી મહાવીરચરિત્ર. .... છપાય છે. શ્રી શ્રીપાળરાજાનો રાસ.... વિધિ–વિધાન, યંત્રો અને સચિત્રસહિત ,,


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

भावयेद्यथासङ्ख्यम् । मैत्रीं सर्वसत्त्वेषु । क्षमेऽहं सर्वसत्त्वानाम् । मैत्री मे सर्वसत्त्वेषु । वैरं मम न केनचिदिति ॥ प्रमोदं गुणाधिकेषु । प्रमोदो नाम विनयप्रयोगः । वन्दनस्तुतिवर्णवादवैयावृत्त्यकरणादिभिः सम्यक्त्वज्ञानचारित्रतपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः सर्वेन्द्रियादिभिर्व्यक्तो मनःप्रहर्ष इति ॥ कारुण्यं क्लिश्यमानेषु । कारुण्यमनुकंपा दीनानुग्रह इत्यनर्थान्तरम् ॥ तन्मोहाभिभूतेषु मतिश्रुतविभङ्गाज्ञानपरिगतेषु विषयतर्षाग्निना दन्दह्यमानमानसेषु हिताहितप्राप्तिपरिहारविपरीतप्रवृत्तिषु विविधदुःखार्दितेषु दीनकृपणानाथबालमोमुहवृद्धेषु सत्त्वेषु भावयेत्॥ तथाहि भावयन् हितोपदेशादिभिस्ताननुगृह्णातीति ॥ माध्यस्थ्यमविनेयेषु । माध्यस्थ्यमौदासीन्यमुपेक्षेत्यनर्थान्तरम् ॥

तत्त्वार्थभाष्य — सप्तम अध्याय.

पुस्तक ३१ } वीर सं. २४६०. पोष आत्म सं. ३८ { अंक ६ ठो.

## મહાવીર–સંદેશ

(સં. સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજ)

યહી હૈ મહાવીર સન્દેશ, વિપુલાચલ પર દીયા ગયા જો;
પ્રમુખ ધર્મ ઉપદેશ.—યહી હૈ મહા૦ (૧)
સબ જીવો કે તુમ અપનાઓ, હર ઉનકે દુઃખ–કલેશ;
અસદ્ભાવ રખો ન કીસીસે, હો [1]અરિ કયો ન વિશેષ.—યહી હૈ મહા૦ (૨)
વૈરીકા ઉદ્ધાર શ્રેષ્ઠ હૈ, કીજે સવિધિ વિશેષ;
વૈર છુટે ઉપજે મતિ જિસસે, વહી યત્ન [2]યત્નેશ.—યહી હૈ મહા૦ (૩)

૧ શત્રુ. ૨ ઉદાર પુરુષાતન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘૃણા પાપસેં હો પાપીસે, નહીં કભી લવ-લેશ;
ભૂલ સુઝા કર પ્રેમમાર્ગસે, કરો ઉને પુણ્યેશ.[1]—યહી હૈ મહા૦ (૪)
તજ એકાન્ત કદાગ્રહ-દુર્ગુણ, બનો ઉદાર વિશેષ;
રહ પ્રસન્ન ચિત્ત સદા કરો તુમ, મનન તત્ત્વ ઉપદેશ—યહી હૈ મહા૦ (૫)
જીતી રાગ-દ્વેષ ભય-ઇન્દ્રિય, મોહ કષાય અશેષ;
ધરો ધૈર્ય સમચિત્ત રહો ઔર, સુખ દુઃખમેં અવિશેષ.—યહી હૈ મહા૦ (૬)
અહંકાર મમકાર તજો જો, અવનતિકાર વિશેષ;
તપ સંયમ મેં રત હો ત્યાગો, તૃષ્ણાભાવ અશેષ.—યહી હૈ મહા૦ (૭)
વીર ઉપાસક બનો સત્ય કે, તજ મિથ્યાભિનિવેશ;
વિપદાઓસેં મત ઘબરાઓ, ધરો ન કોપાવેશ.—યહી હૈ મહા૦ (૮)
સંજ્ઞાની સંદૃષ્ટી બનો ઔ, તજો ભાવ સંકલેશ;
[2]સદાચાર પાવો દૃઢ હો કર, રહે પ્રમાદ ન લેશ.—યહી હૈ મહા૦ (૯)
[3]સાદા રહન-સહન ભોજન હો, સાદા ભૂષા—વેષ;
વિશ્વ પ્રેમ જાગૃત કર ઉરમેં, કરો કર્મ નિઃશેષ.—યહી હૈ મહા૦ (૧૦)
હો સબકા કલ્યાણ ભાવના, ઐસી રહે હંમેશ;
દયા લોક સેવા રત ચિત્ત હો, ઔર ન કુછ આદેશ.—યહી હૈ મહા૦ (૧૧)
ઇસ પર ચલનસે હી હોગા, વિકસિત સ્વાત્મ પ્રદેશ;
આત્મ-જ્યોતિ જગેગી ઐસે, જૈસે[4] ઉદિત દિનેશ.—યહી હૈ મહા૦ (૧૨)

ઇતિશમ-સિદ્ધિસોપાનમાંથી સંગ્રહિત.

---

૧ પુણ્યશાળી. ૨ અહિંસા સત્યાદિકનું પરિપાલન.
૩ સાદાઇ, સંયમને મુદ્રાલેખ સ્થાપી દરેક હિતકાર્યમાં ઉચિત પ્રવૃત્તિ આદરો.
૪ ઉદયમાન સૂર્ય સમી આત્માની જ્યોતિ જાગશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાત્મા શ્રી સિદ્ધર્ષિપ્રણીત ઉપમિતિ-ભવપ્રપંચાકથાનું સપદ્ય-ગદ્ય ભાષાંતર.

( ગતાંક ૧૨૦ થી શરૂ )

ભાષાંતરકર્તા—' મનોનંદન '.

( ૩ )

## 'સુસ્થિત' મહારાજઃ 'સ્વકર્મવિવર' દ્વારપાલઃ રાજમંદિરે રંકનો પ્રવેશ.

દોહરા.

તેહ પુરે પ્રખ્યાત છે, સુસ્થિત નામે રાય,
સ્વભાવથી [1]વત્સલ અતિ, સમસ્ત [2]સત્વોમાંય. ૧૩૮
ભમતો પહોંચ્યો રંક તે, તેના મંદિરદ્વાર,
'સ્વકર્મવિવર' નામ ત્યાં, દ્વારપાલ રહેનાર. ૧૩૯

અનુષ્ટુપ.

કરૂણાપાત્ર તે રંક, દેખી તે દ્વારપાલકે,
કૃપા કરી પ્રવેશાવ્યો, અપૂર્વ રાજમંદિરે. ૧૪૦

અને તે કેવું છે?—

( ૪ )

## રાજમંદિરનું સ્વરૂપ.

( અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?—એ રાગ )
અપૂર્વ એવું દીઠું નૃપ—મંદિર એ.........ધ્રુવપદ.

**આનંદનું સામ્રાજ્ય—**

રત્નરાશિઓના કિરણની જાલથી,
[3]તિમીરની બાધાનું ત્યાં નહિં નામ જો;
ઝાંઝર આદિના ઝમકારોથી થતા,
આભૂષણના [4]રવથી તે અભિરામ જો... અપૂર્વ૦ ૧૪૧

---

૧ અત્યંત વાત્સલ્ય—પ્રેમભાવ ધરાવનારા. વત્સ (વાછડું) પ્રત્યે ગાયનો પ્રેમ અગાધ હોય છે. એ ઉપરથી અત્યંત પ્રેમ સૂચવવા 'વત્સલ' શબ્દનો પ્રયોગ કર્યો છે. ૨ પ્રાણીઓ. ૩ અંધકાર ૪ અવાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિવ્ય પટ્ટકુળોના ઉલ્લેચો વિષે,
ઝુલંતી ત્યાં ચંચલ મૌક્તિક માળ[5] જો;
તાંબુલોથી લાલ થયેલા સર્વના,
મુખડાઓથી વર્તે તે મનહાર જો... અપૂર્વ૦ ૧૪૨

[6]વિન્યાસો [7]વિચિત્ર [8]વિભક્તિના જહાં,
ગુંજે જ્યાં [9]કલ [10]મધુકરકુલના ગાન જો;
સુગંધીથી મઘમઘતી, [11]સુવર્ણ જે,
એવી સુમન સ્રગથી[12] આંગણ પૂર્ણ જો, અપૂર્વ૦ ૧૪૩

વિલેપનોના વિમર્દનવડે વળી,
કાદવમય ભૂમિકા હોયે તાસ જો;
વગાડતા ત્યાં વાજિંત્રો આનંદના,
પ્રાણી વૃંદો પામી હર્ષોલ્લાસ જો... અપૂર્વ૦ ૧૪૪

**રાજાઓ : મંત્રીઓ—**

અંતરમાંહિ મહાપ્રજ્વલતા તેજથી,
શત્રુ જેના પામ્યા સાવ વિનાશ જો;
પ્રશાંત જેના બાહ્ય બધા વ્યાપાર છે,
એવા રાજગણોનો છે ત્યાં વાસ જો... અપૂર્વ૦ ૧૪૫

સાક્ષાત્ જેને જગત તણી ચેષ્ટા બધી,
પ્રજ્ઞાથી જે જાણે વૈરિવાર[13] જો,
સમસ્ત નીતિશાસ્ત્રતણા જ્ઞાતાર જે,
એવા મંત્રીઓથી તે ભરપૂર જો.. અપૂર્વ૦ ૧૪૬

**યોદ્ધાઓ : નિયુક્તકો—**

આગળમાં ઉભેલા જમ મહારાજને,
દેખીને પણ [14]સમરાંગણનીમાંહ્ય જો;
ક્ષોભ ન પામે જેહ જરાયે—એહવા,
અસંખ્ય મોટા યોદ્ધાથી સેવાય જો... અપૂર્વ૦ ૧૪૭

કોટી કોટી નગરોના સમૂહો અને,
અસંખ્ય ખાણો ને સંખ્યાતીત ગામ જો;
નિરાકુલપણે જે પાળે—એહવા
[15]નિયુકતકોથી વ્યાપ્ત અહો! નૃપધામ જો... અપૂર્વ૦ ૧૪૮(ચાલુ

૫ મોતીની માળાઓ. ૬ વિશિષ્ટ રચના, ગોઠવણી. ૭ જાતજાતની. ૮ વિભાગ, ભાગલા. જેમાં જાતજાતના વિભાગ પાડેલા છે એવી ૯ મધુર ૧૦ ભમરાઓ ૧૧ સુંદર વર્ણવાળી. ૧૨ પુષ્પમાળાઓ ૧૩ શત્રુસમૂહ. ૧૪. રણાંગણ, રણમેદાન. ૧૫ અધિકારીઓ, અમલદારો (Officers) કારભારીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન—આચાર.

( ગતાંક પૃષ્ઠ ૧૧૭ થી શરૂ )

ઘરદેરાસર અથવા ભકિતચૈત્યનું સ્થાન અને તેમાં પૂજાવિધિ તે કહેવામાં આવે છે.

સુજ્ઞ શ્રાવકે પોતાના ઘરમાં જતાં ડાબી બાજુએ પવિત્ર અને શલ્ય રહિત દોઢ હાથ ઉંચી ભૂમિ ઉપર દેવાલય કરાવવું. પુર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ રહી પૂજા કરવી અને પૂજા કરનારે વિદિશાઓ સાથે દક્ષિણદિશા અવશ્ય તજવી. શાસ્ત્રમાં કહ્યું છે કે પૂર્વાભિમુખથઇને પૂજા કરતાં લક્ષ્મીનો લાભ થાય, અગ્નિખૂણે રહી કરતાં સંતાપ થાય, દક્ષિણ દિશા સન્મુખ રહી કરતાં મૃત્યુ થાય, નૈઋત્યખૂણા સન્મુખ પૂજા કરતાં ઉપદ્રવ થાય, પશ્ચિમ દિશાએ પુત્રદુઃખ, વાયવ્યખૂણે સંતાન ન થાય, ઉત્તર દિશાએ મહાલાભ, અને ઇશાન ખૂણા સન્મુખ ઉભા રહી પૂજા કરતાં ધર્મવાસના જાગે. વિવેકી પુરૂષોએ પ્રથમ ભગવંતના ચરણે, પછી જાનુપર, પછી હાથે, પછી ખંભે અને પછી મસ્તકે, પછી લલાટે, કંઠે, હૃદયે અને જઠર પર એમ અનુક્રમે કેશર સહિત ઉત્તમ ચંદન સાથે પૂજા કરવી.

પ્રભાતે શુદ્ધવાસક્ષેપથી, મધ્યાન્હે પુષ્પોથી અને સાંજે ધૂપ, દીપથી ભકતોએ જિનેશ્વર ભગવંતની પૂજા કરવી. એક પુષ્પના બે ભાગ ( કટકા) ન કરવા, તેમ કળી છેદવી નહિ (તોડવી નહિ) પત્ર, પુષ્પને ભેદવા—છેદવાથી હત્યા સમાન પાપ લાગે.

હાથથી પડી ગએલ, પગે અડેલ અથવા જમીન ઉપર પડેલ તેમજ મસ્તકે રહેલ જે પુષ્પ હોય તે પૂજા યોગ્ય ન ગણાતું હોવાથી પૂજામાં લઇ શકાય નહિ, વળી નીચ જનો જેને અડ્યા હોય, જંતુઓથી જે ખવાએલ હોય, ખરાબ વસ્ત્રમાં જે ધારણ કરેલ હોય, ગંધ રહિત હોય અથવા જેમાં ઉગ્ર ગંધ હોય તેવા સર્વ પુષ્પોનો પ્રભુ પૂજામાં ત્યાગ કરવો.

ભગવંતની ડાબી બાજુએ ધૂપ ઉખેવવો, અને બીજોરૂં કે જળકુંભ સન્મુખ મૂકાય તેમજ નાગરવેલનું પાન કે અન્ય ફળ પ્રભુના હસ્તમાં મુકાય સ્નાત્ર, અભિષેક, ચંદન, દીપક, ધૂપ, પુષ્પ, નૈવેદ્ય, જળ, ધ્વજ, વાસક્ષેપ, અક્ષત, સોપારી, (પૂગફળ), પત્ર (પાન નાગરવેલના) સત્કોશ (દેવદ્રવ્ય ) ની વૃદ્ધિ, રોકડ નાણું, ફળ, વાજિંત્ર, ધ્વનિ, ગીત, નૃત્ય, સ્તુતિ, ઉત્તમ છત્ર, ચામર અને આભૂષણ એમ એકવીસ પ્રકારે પણ અરિહંતની પૂજા થઇ શકે છે. ઉપર પ્રમાણે સુંદર વિધિથી ભવ્યજનોનો તીર્થ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાત્રામાં તથા સુપર્વના દિવસે એકવીસ પ્રકારે અને નિરંતર અષ્ટ પ્રકારી પૂજા ભાવ સહિત જે જે સારૂં હોય તે તે બનાવીને કરે. પછી વિશેષપણે ધર્મનો લાભ મેળવવાની ઇચ્છાથી પવિત્ર વસ્ત્ર પહેરી શ્રાવક અશુચિ માર્ગનો ત્યાગ કરતાં ગામના જિનમંદિરે જાય.

હું જિનમંદિરે જઇશ એમ હ્રદયમાં ચિંતવતા શ્રાવક એક ઉપવાસનું, ઉઠતાં બે ઉપવાસનું, અને માર્ગે ચાલતાં અઠ્ઠમનું, જિનમંદિર દ્રષ્ટિએ પડતાં પાંચ ઉપવાસનું, દ્વારમાં પ્રવેશ કરતાં છ ઉપવાસનું, મધ્યમાં આવતાં પંદર ઉપવાસનું અને જિનપૂજા કરતાં શ્રાવક માસોપવાસનું ફળ મેળવે છે એમ ભગવંત ફરમાવે છે.

દેરાસરના બહારના પગથીઆ આગળ આવતાં પ્રથમ નિસ્સિહીનો ઉચ્ચાર કરે. ( પોતે સંસાર સંબંધી સર્વ કાર્યોનો ત્યાગ કર્યો છે એમ ચિંતવે ) પછી દેરાસરના મકાનમાં પેસતાં ત્યાં આશાતના જોવામાં આવે તો દૂર કરે અથવા તજવા ભલામણ કરે. પછી મંડપમાં પ્રવેશ કરતાં બીજી વાર નિસ્સિહી કહે ( એટલે હવે પોતાના દેરાસર સંબંધી કામકાજનો પણ નિષેધ છે એમ ચિંતવે ) પછી ગભારા આગળ આવતાં અર્ધું અંગ નમાવી યથોચિત દ્રવ્યપૂજા કર્યા પછી ચૈત્યવંદન કરતાં પહેલાં ત્રીજીવાર નિસ્સિહી કહીને એમ ચિંતવે કે હવે મારે પરમાત્માના ગુણ સ્મરણ સિવાય તમામ કાર્યોનો ત્યાગ છે.

પૂજા પ્રથમ શ્રી મૂલનાયક ભગવંતની અષ્ટ પ્રકારે કરી પછી અંદર અને બહાર બિરાજમાન અન્ય પ્રભુઓને માર્જન કરી, સુંદર પુષ્પો લઇ પૂજા કરે. પછી અવગ્રહથી બહાર આવી ભગવંતને આદરપૂર્વક વંદન કરે અને સન્મુખ બેસીને વિધિપૂર્વક ઉલ્લસિત ભાવથી ચૈત્યવંદન કરે. એક શક્રસ્તવ ( નમોથ્થુણં ) થી આદ્ય વંદના, બેથીમધ્યમ અને પાંચથી ઉત્તમ ચૈત્યવંદન જાણવું એમ તે ત્રણ પ્રકારે પણ કહેવામાં આવેલ છે.

શક્રસ્તવાદિ સ્તુતિ કરતાં **યોગમુદ્રા**, વંદન કરતાં **જિનમુદ્રા** અને જય વીયરાય, જાવંતિ ચેઇયાઇં અને જાવંતિ કેવિસાહુ એ ત્રણ પ્રણિધાન કહેતી વખતે **મુક્તાશુક્તિમુદ્રા** શ્રાવકે કરવી જોઇએ.

પેટ ઉપર બે હાથની કોણીઓ સ્થાપી બંને હાથ કમળના ડોડાની જેમ કરી અન્યોન્ય આંગલી મેળવવી તે **યોગમુદ્રા**, ચાર આંગળ આગળ અને કંઇક ન્યૂન પાછળ એ રીતે બે પગ વચ્ચે અંતર રાખી રહેવું ( ઉભવું ) તેને **જિનમુદ્રા** અને બંને હાથ સમાન જોડીને લલાટ પર જે સ્થાપન કરવા તે **મુક્તાશુક્તિ મુદ્રા** એ ત્રણ પ્રણિધાન એ રીતે કહેવાય તે ધ્યાનમાં થાય છે. હવે કંઇ તે માટે વિશેષ કહેવામાં આવશે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શિવપદસોપાન.

વ્યવહારમાં ઉન્નતિ પામતા મનુષ્ય જેમ એક એક પગલું આગળ વધી વૈભવશાળી, કીર્તિવંત બનતો જાય છે તેમ આત્મિક ધર્મમાં પણ મોક્ષપદ પામવા માટે એક એક પગથીયું આત્મા આગળ વધતાં છેવટ મુકિત મેળવી શકે છે. આ પગલા-પગથીયાં આત્મા-ધર્મમાં આગળ વધવાની સીડી તેને ગુણસ્થાન-ગુણની અવસ્થા, ગુણનો વિકાસ કહેવામાં આવે છે કે જે ચૌદની સંખ્યામાં છે અને આત્માનો વિકાસ તે ચૌદ શ્રેણીઓમાં જ થાય છે. પ્રથમ કરતાં બીજી, ત્રીજી અને ઉત્તરોત્તર શ્રેણીના જીવો આત્મિક ગુણો સંપાદન કરવામાં આગળ વધેલાં હોય છે અને છેવટ ચૌદમી શ્રેણીમાં આવેલા જીવો પરમ નિર્મળ, અખંડ, અનંત સુખના ભોગી મુક્તાત્મા થાય છે.

પ્રથમ શ્રેણીમાં બધા પ્રાણીઓ વર્તનારા હોય છે, પણ જેઓ આત્મબળ ફોરવી ધીમે ધીમે આગળ વધવાનો પ્રયાસ કરે છે તેઓ ઉત્તરોત્તર શ્રેણીઓ પસાર કરી છેવટે છેલ્લી શ્રેણીમાં આવી પહોંચે છે. મંદ પ્રયત્નવાળા અનેક ભવ વચલી શ્રેણીમાં રોકાઇ રહે છે, તેમને મોક્ષ પહોંચતા વિલંબ થાય છે. કેટલાક પ્રબળ પુરૂષાર્થ ફોરવનારા તીવ્ર વેગથી વચલી શ્રેણીમાં ન રોકાતાં તેરમી ચૌદમી શ્રેણી ઉપર જલદી આવી પહોંચી પરમાત્મા સ્વરૂપ પ્રાપ્ત કરી લે છે.

કેટલી વખત ચડતાં ચડતાં ભાન નહિ રાખવાથી તેવા પ્રાણીઓ નીચે ગબડી પડે છે-પ્રથમ પગથીયે પહોંચે છે. અગીયારમા પગથીઆ સુધી પહોંચેલ આત્માને મોહનો ફટકો લાગી ગયો તો એકદમ નીચે પતન થાય છે. માટે જ ભગવંતે ચઢતાં ચઢતાં પ્રમાદ કે ગફલત ન થવા આજ્ઞા ફરમાવેલ છે.

બારમે પહોંચ્યા પછી નિશ્ચયથી પડવાનો ભય રહેતો નથી અને મોક્ષ પણ સમીપ થઇ જાય છે

તે ચૌદ ગુણસ્થાન શ્રેણીના નામ અનુક્રમે-તેના સંક્ષિપ્ત વિવેચન સાથે નીચે પ્રમાણે છે.

**૧ મિથ્યાદષ્ટિ**—સર્વ જીવો પ્રથમ આ ગુણસ્થાને મિથ્યાદષ્ટિવાળા હોય છે. આમ હોવા છતાં તેને ગુણસ્થાન કહેવાનું કારણ કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને એકદમ નીચેની હદના જીવોમાં પણ કિંચિત પણ ચૈતન્ય માત્ર તો અવશ્ય પ્રગટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે અને અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં પણ આવેલા હોય છે; આ શ્રેણીથી આગળ વધાય છે જેથી પ્રથમ શ્રેણી કહેવાય છે.

૨ **સાસ્વાદન ગુણસ્થાન**—અતિ તીવ્ર ક્રોધાદિ કષાયોથી યુક્ત સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી પણ તીવ્ર કષાયોનો ઉદય થતાં ત્યાંથી પડવાનો વખત આવે છે. મિથ્યાત્વનો ઉદય ન હોય ને અનંતાનુબંધી કષાયોનો ઉદય હોય ત્યારે છ આવલીની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. આ ગુણસ્થાન પતન અવસ્થારૂપ હોવા છતાં પૂર્વે અમૃતરૂપી સમ્યગ્દર્શનનું પાન થઇ ગયેલું હોવાથી ( ઉલટી થતાં પ્રથમ ખાધેલ મિષ્ટ ખોરાકનો જેમ સ્વાદ રહી ગયો હોય તેમ ) આ સ્થાનવાળાને સંસારની હદ બંધાઇ ગયેલ હોય છે, તે ભવ્ય જીવોને હોય છે,

૩ **મિશ્રગુણ શ્રેણી**—આત્માના એવા વિચિત્ર અધ્યવસાય હોય છે, એ આત્માઓને સત્ય અને અસત્ય બંને માર્ગ ઉપર શ્રદ્ધા હોય, રૂચ્ય–અરૂચિ હોય નહિં, ગોળ ખોળ સરખા ભાસે, સમ્યગ્ અને મિથ્યાત્વના યોગથી મિશ્રપણું હોય તેની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. તેને પણ સમ્યક્ત્વનું પાન થયેલ હોવાથી ભવભ્રમણના કાળનો છેડો બંધાઇ ગયેલ હોય છે. પરભવનું આયુષ્ય તે બાંધતો નથી તેમ મરણ પણ પામતો નથી. કાં તો ચોથામાં આવી મરણ પામે. બારમા, તેરમામાં પણ મરણ પામતો નથી. પ્રથમ બીજું, ત્રીજું ગુણસ્થાન જીવની સાથે જાય છે.

૪ **અવિરતિસમ્યગદષ્ટિ**—વ્રત પચ્ચખ્ખાણ વગરનું સમ્યગ્ તે ચોથું સ્થાન, સમ્યક્નો સ્પર્શ થવાથી ભવભ્રમણનો કાળ બંધાયેલ હોય, આત્માના એક પ્રકારના શુદ્ધ ( શ્રદ્ધાવાળા ) ભાવને સમ્યક્ત્વ કહેવાય છે. આ સ્થાનમાં તત્ત્વ વિષયક સંશય, ભ્રમને અવકાશ હોતો નથી. મોક્ષ માટે લાયકાત પરવાનો અહિંથી શરૂ થાય છે તે સિવાય ગમે તેટલું જ્ઞાનાધ્યયન કષ્ટ અનુષ્ઠાન કરે તો પણ મોક્ષ પ્રાપ્ત થતું નથી. આ સ્થાનવાળાને ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક સમકિત પ્રાપ્ત થયું હોય, વિરતિ મોક્ષ આપનાર છે તેમ જાણવા છતાં પ્રત્યાખ્યાનીકષાયનો ઉદય હોવાથી વ્રત પચ્ચખાણ તે આત્મા કરી શકતો નથી; પરંતુ દેવ–ગુરૂ–ધર્મ ઉપર શ્રદ્ધા હોવાથી તીર્થંકર નામકર્મ, મનુષ્ય, દેવ આ ત્રણ આયુ પ્રથમના ત્રણ ગુણસ્થાન કરતાં અહિં અધિક બાંધે છે. નરકાયુ ક્ષય થાય છે

૫ **દેશવિરતિ**—સમ્યક્ત્વ સહિત ગૃહસ્થના વ્રતોનું પાલન કરવું તે આ સ્થાન છે. ચોથા અને પાંચમા આ બે ગુણશ્રેણી ઉપર સાગારધર્મી આત્માઓ હોય છે. આ સ્થાને તિર્યંચાયુ ક્ષય થઈ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ **પ્રમત્તગુણસ્થાન**—અનગારના મહાવ્રતોનો ધારણ કરનાર આત્મા પણ કંઇક પ્રમાદના બંધનથી પૂર્ણ મુક્ત નહિં થયેલ એવા મુનિરાજોનું આ ગુણસ્થાન છે. જો અંતર્મુહૂર્ત્તથી વધારે પ્રમાદી રહે તો અહીંથી પતન થાય છે.

૭ **અપ્રમત્ત ગુણસ્થાન**—પ્રમાદ-બંધનથી મુક્ત થયેલ મહામુનિરાજોનું આ સાતમું સ્થાન છે. સાધ્વી મહારાજ આ ગુણસ્થાને વર્તતા હોય તો તેને પણ મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થવાનું દ્વાર ખુલ્લું થાય છે. દેવાયુ પણ ક્ષય થઇ જાય છે. ઉપરના બંને ગુણસ્થાન અનગાર મહાત્માઓ માટેના છે.

૮ **અપૂર્વકરણ અથવા નિવૃત્તિબાદરકરણ**—એટલે અધ્યવસાય. આત્માના પરિણામ, મોહનીયકર્મને ઉપશમાવવાનો અથવા ક્ષય કરવાનો, પહેલાં નહિં પ્રાપ્ત થયેલો એવો અધ્યવસાય ( અપૂર્વ ) આ સ્થાનમાં પ્રાપ્ત થાય છે. અહિંથી જ ઉપશમ અને ક્ષપકશ્રેણી મંડાય છે. અપૂર્વ આત્મગુણની પ્રાપ્તિ આત્માને અહિં પ્રાપ્ત થાય છે.

૯ **અનિવૃત્તિ બાદરશ્રેણી**—ઉપરના ગુણસ્થાન કરતાં અહિં આત્માને અધિક ઉજવલ આત્મ પરિણામ પ્રગટે છે અને તેથી મોહનો ઉપશમ યા ક્ષય થવા માંડે છે. આ સ્થાનમાં ક્ષપક અને ઉપશમ શ્રેણીઓ હોય છે. ઉપશમ એટલે દબાવવું જેમ અગ્નિ ઉપર રાખ નાંખી ઢાંકી દઇએ તે. ક્ષણ એટલે સમૂળગો નાશ કરવો. રાખથી ઢાંકેલો અગ્નિ કારણવશાત્ રાખ ખસી જતાં જેમ પાછો અગ્નિ પ્રદીપ્ત થાય છે પરંતુ ઓલાઇ ગયેલો નાશ પામેલો અગ્નિ ફરી પ્રદીપ્ત થતો નથી તેમ આઠમું તથા નવમું પગથીયું ઉત્કૃષ્ટ ચારિત્રની પ્રાપ્તિ માટે અહિં આત્મા ચારિત્રની વિશુદ્ધિ કરે છે.

૧૦ **સૂક્ષ્મસંપરાય શ્રેણી**—આ સોપાનમાં મોહનીય કર્મનો ઉપશમ અથવા ક્ષય થતાં થતાં બધું મોહનીય કર્મ ઉપશાંત યા ક્ષીણ થાય છે. માત્ર લોભનો સૂક્ષ્મ અંશ રહે છે—

૧૧ **ઉપશાંત મોહગુણસ્થાન**—આગલા સ્થાનોમાં મોહનો ઉપશમ જ કરવો, જેણે પ્રારંભ કર્યો છે, તેને સંપૂર્ણ મોહ ઉપશાંત થયેથી આ ગુણસ્થાન પ્રાપ્ત થયું કહેવાય અહિં જો મોહનો જરાપણ ફટકો લાગે તો અધઃપતન થાય છે. અહીં આત્માને બહુ જ સંભાળ રાખવી પડે છે.

૧૨ **ક્ષીણમોહ**—અગાઉ જેણે મોહનીય કર્મનો ક્ષય આરંભ્યો છે તેને સંપૂર્ણ મોહ ક્ષય થાય ત્યારે આ ગુણનું સ્થાન પ્રાપ્ત થયું કહેવાય છે કે જ્યાંથી બીલકુલ નીચે પડવાનું હોતું જ નથી અને કેવળજ્ઞાન, કેવળદર્શનની સંપૂર્ણ તૈયારી હોય છે.

૧૩ **સયોગીકેવળી**—યોગ એટલે શરીર વગેરેનો વ્યાપાર. અહીં ચાર ઘનઘાતી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

અનુવાદક—વિઠ્ઠલદાસ એમ. શાહ.

( ગતાંક પૃષ્ઠ ૩૭ થી શરૂ )

એક પુસ્તક વાંચવા લીધા પછી તે પુરૂં કરીને જ બીજું લેવું જોઇએ. જે કામ હાથમાં લેવું તેમાં તનમન પરોવી દેવા અને તે પુરૂં કરીને જ બીજા કામનો પ્રારંભ કરવો. એક વખતે એક જ કામ હાથમાં લઇને તે સારી રીતે પાર પાડવું એ જ સર્વોત્કૃષ્ટ નીતિ છે. એ જ યોગીઓની કર્મપદ્ધતિ છે.

પહેલ વહેલાં ચોવીશે કલાક ભગવાનમાં મનને લગાડવું કઠિન લાગે છે. ધ્યાનમાંથી ફુરસદ મળે છે કે તરતજ મન ભટકવા લાગે છે અને પોતાની જુની ટેવો પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. એટલા માટે તેને બીજા સાત્વિક વિષય ગ્રહણ કરવા માટે ઉપસ્થિત કરવા જોઇએ. તે વિભિન્નતા પસંદ કરે છે. થોડો વખત કોઇ દાર્શનિક ગ્રંથ વાંચવો, પછી જે કાંઇ વાંચ્યું હોય તેની નોટ કરી લેવી. આથી મન જરા ઢીલું પડશે. આપણી યોગ્યતા મુજબ કોઇ ગરીબ અને રોગીની સેવામાં થોડો સમય તેને લગાડી શકાય છે.

માણસ પર્વતને નષ્ટ નથી કરી શકતો પરંતુ પર્વતની ભાવનાનો નાશ કરી શકે છે.

---

સર્વથા નાશ થતાં કેવળજ્ઞાન, કેવળદર્શન વગેરે પ્રાપ્ત થાય છે. પરમાત્મા અરિહંત પણ આ સ્થાને છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ગમનાગમન, બોલવા વગેરેનો વ્યાપાર હોવાથી શરીરધારી કેવળી સયોગી પરમાત્મા કહેવાય છે.

**અયોગી કેવળીસ્થાન**—યોગના સર્વ વેપાર, સર્વ ક્રિયા રહિત કેવળજ્ઞાની પરમાત્માઓ આયુષ્યના અંત વખતે આ અઘાતી ( વેદની, આયુ, નામ અને ગોત્ર) કર્મનો નાશ કરી તત્કાળ મોક્ષપદ આ શ્રેણીથી પામે છે–સિદ્ધ ભગવાન કહેવાય છે.

ટુંકું સ્વરૂપ ગુણ શ્રેણીનું આપ્યું છે. શાસ્ત્રોમાં ભગવંતે કહેલ વિસ્તાર પૂર્વક સ્વરૂપ જાણવા જેવું આદરવા જેવું છે કે જે જાણ્યાથી આત્મા સિદ્ધ પરમાત્મા બને છે. જૈન દર્શન સિવાય આત્મા પરમાત્મા બનવા માટે આવું ગુણ શ્રેણી–સોપાનનું સ્વરૂપ બીજા દર્શનમાં નથી. દરેક આત્મા તે પદ પામો તે જ લેખકની અભિલાષા.

**આત્મવલ્લભ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેટલા વ્યક્તિગત મન છે તેટલા પ્રકારની આધ્યાત્મિક સાધનાઓ પણ છે. જે એક મન માટે ઉપયોગી છે તે બીજા મન માટે ઉપયોગી નથી હોતી. એક મનુષ્યને માટે રાજયોગ સ્હેલો થઈ શકે છે તો બીજા મનુષ્યને માટે જ્ઞાન-યોગ સહેલો હોય છે. એક પ્રકારનું તપ એક મનને અનુકૂળ હોય છે તો બીજા પ્રકારનું તપ બીજા મનને અનુકૂળ હોય છે.

મનનો વાસ્તવિક દોષ કામના છે. કામ–વાસનાભોગને માટે આકર્ષણ સૌથી મોટો દોષ છે. એ બંધનનું કારણ બને છે. ઇશ્વર–ચિંતન બધી કામવાસનાઓનો નાશ કરે છે. ઇશ્વર શુદ્ધ સ્વરૂપ છે. ઇશ્વરમાં કામના નથી હોતી. **सोहं** નો જાપ કરો. '**शुद्धोऽस्मि**' મંત્રનો જાપ કરો. બધી કામનાઓ અદ્રશ્ય થઇ જશે.

જેટલો દ્વેષ ભયાનક છે તેટલો જ બલ્કે વિશેષ રાગ ભયાનક છે. જ્યાં રાગ હોય છે ત્યાં દ્વેષ પણ હોય છે જ. રાગ દ્વેષનું બીજું રૂપ છે, એ બન્ને એક જ વસ્તુની બે અવસ્થાઓ છે. બન્ને સમાનાર્થી છે.

કેટલાય મનુષ્યોનું મન તમારી ઉપર રાગથી લાગેલું હોય છે અને કેટલાયનું દ્વેષથી. ભય અને દ્વેષદ્વારા રાવણનું મન હંમેશાં શ્રીરામ ઉપર લાગ્યું રહેતું હતું, તે સદા દ્રઢતાપૂર્વક શ્રીરામનું ચિંતન કરવા છતાં પ્રત્યેક વસ્તુમાં અને પ્રત્યેક સ્થાનમાં શ્રીરામને જોતો હતો. એવી જ રીતે કંસનું મન શ્રી કૃષ્ણમાં લાગ્યું રહેતું હતું એ પણ એક પ્રકારની ( વૈરભકિત ) ભકિત છે. કોઇ પણ પ્રકારે તેનું મન પ્રભુમાં લાગ્યું રહેતું હતું.

ક્ષુબ્ધ થઇ જવું એ મનની નબળાઇ છે. જો આપણે સ્હેલાઇથી ક્ષુબ્ધ થઇ જઇએ છીએ તો આપણે હાથે અનેકોનું ખરાબ થઇ જાય છે. ધૈર્ય, તિતિક્ષા, સહનશીલતા, કરૂણા, દયા, પ્રેમ, આત્મભાવ વગેરે દ્વારા એ નબળાઇને દૂર કરવી જોઇએ.

અનાવશ્યક તર્ક ન કરો. તર્કથી શત્રુતા, ઉત્તિજીત ભાવ તથા શકિતનો વિનાશ થાય છે. પ્રત્યેક મનુષ્યને પોતાની પરામર્શશકિત, વિચારદ્રષ્ટિ, ભાવ, ધારણા, વિશ્વાસ તથા નિશ્ચય હોય છે. બીજાની વિચારદૃષ્ટિને બદલી નાંખવાનું કામ કઠિન છે. બીજાને જબરદસ્તીથી પોતાના વિચારોને અનુકૂળ બનાવી લેવાનો યત્ન ન કરો. જ્યારે તમે સાધના કરતા હો ત્યારે તમે અધ્યયનદ્વારા શાસ્ત્રોમાંથી જ્ઞાન અને તથ્યનું સંકલન કરતા હો ત્યારે જ્યાં સુધી તમારા વિચાર દ્દઢ અને સ્થિર ન થઇ જાય ત્યાં સુધી બીજાની સાથે તર્ક ન કરો.

અષ્ટસિદ્ધિઓની શામાટે ચિંતા કરો છો ? તે તદન વ્યર્થ છે. જો તે પ્રગટ થવાની હોય તો પણ તેને કઠોરતાપૂર્વક દૂર હઠાવો. તે તો તમને ભ્રમમાં નાખી દેશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેનાથી તમારૂં પતન થશે. હે સાધક ! સાવધાન બની જાઓ. ભગવાન બુદ્ધે પ્રલોભન તથા સિદ્ધિઓને દૂર હઠાવી હતી. ઈશ્વરજ્ઞાન પ્રાપ્ત કરવાનો યત્ન કરો. પછી તમને સઘળું મળી જશે-બધી આધ્યાત્મિક સિદ્ધિઓ તમારૂં સ્વાગત કરશે; પછી તમારૂં પતન નહિ થાય.

તંદ્રા, વાસના, મનની અસ્તવ્યસ્ત દશા તથા મનોરથ–એ ભગવાનમાં મનને લગાડવામાં મુખ્ય બાધક બને છે. એ વિઘ્નોને થોડું સાત્વિક ભોજન તથા વિચાર જ દૂર કરી શકે છે.

જો મન કે જેનાથી જ્ઞાન, પ્રત્યય તથા સમસ્ત ક્રિયાઓ થાય છે તે અદૃશ્ય થયું તો તેની સાથેજ વિષયરૂપી જગત પણ અદૃશ્ય થયું જ સમજવું.

જો બધા વિચાર અદૃષ્ય થઇ જાય તો પછી એવું કંઈપિણ નથી રહેતું કે જેને મન કહી શકાય. એથી વિચાર એ જ મન છે. વિચારો સિવાય તેનાથી જુદી સ્વતંત્ર ભાવથી કોઈ જગત નથી રહેતું.

સુષુપ્તિમાં વિચારો નથી રહેતા તેથી ત્યાં સંસાર પણ નથી રહેતો. જાગ્રત તથા સ્વપ્નાવસ્થામાં વિચારોની ક્રીડા ચાલતી હોય છે તેથી ત્યાં સંસાર પણ હોય છે.

મન ઘણે ભાગે દિવ્ય પ્રકાશ, સૌન્દર્ય, બુદ્ધિ, જુદા જુદા રંગ તથા મધુર ધ્વનિમાં આસક્ત રહે છે. એ ક્ષુદ્ર વિષયોથી ભ્રમમાં ન પડો. અંતઃકરણમાં ઉતરી વિચારો કે એ સર્વ વસ્તુઓનું અધિષ્ઠાન શું છે ? મનના મૂળમાં તથા આ ભાસિત થનાર ઇન્દ્રિય–જગત્‌ના સમસ્ત વિષયોમાં એક જ તત્વ છે. તે તત્ત્વ પરિપૂર્ણ તથા સ્વયંભૂ છે.

જ્યારે એક વાર આત્મનિષ્ઠા અને આત્માનુભૂતિ થઈ જાય છે તો પછી તેની કદિપણ વિસ્મૃતિ થતી નથી. આત્મનિષ્ઠાના સંસ્કાર એક વાર પડયા પછી મન-માંથી ભૂંસાતા નથી. તે તો હમેશાં મન સાથે ચોંટી જ રહે છે.

આ સંસારચક્ર રાગ–દ્વેષ, ધર્માધર્મ સુખ–દુઃખરૂપી છ આરાથી ચાલે છે. શરીર કર્મનું પરિણામ છે, કર્મ રાગદ્વેષનું પરિણામ છે. જો શરીરને ન ચાહતાં હો તો કર્મ ન કરો. જો કર્મ ન ચાહતા હો તો મનમાં રાગદ્વેષની ધારાનો નાશ કરો.

રાગદ્વેષ અનુકૂળ અને પ્રતિકૂળ જ્ઞાનનાં કારણ બને છે. અનુકૂળ વસ્તુઓમાં આપણને રાગ થાય છે તથા પ્રતિકૂળ વસ્તુઓમાં દ્વેષ થાય છે. જ્યારે ભેદજ્ઞાન પર અવલંબી રહેલો એ અનુકૂળ–પ્રતિકૂળ ભાવ નષ્ટ થઇ જાય છે ત્યારે રાગ-દ્વેષ નષ્ટ થઇ જાય છે.

રાગદ્વેષ અભિમાનના કારણ પણ બને છે. અવિદ્યાનાં પરિણામ રૂપ એ અભિમાની નષ્ટ થઇ જાય છે ત્યારે રાગદ્વેષ પણ નષ્ટ થઇ જાય છે. જો જ્ઞાનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિદ્વારા મૂળ કારણુ અવિદ્યાનો નાશ કરવામાં આવે તો અભિમાન, રાગ–દ્વેષ કર્મ, શરીર, ધર્મ, અધર્મ, સુખ, દુઃખની બધી શ્રૃંખલાઓ નષ્ટ થઇ જવાની. એની અંદર એક શૃંખલા બીજી પર અવલંબિત છે. જ્ઞાન પ્રાપ્ત થતાં એ બધો સંબંધ તુટી જશે.

આત્માનુભવની પ્રાપ્તિ માટે મનદ્વારા જ તેની શુધ્યતા અને સ્થિરતા માટે અથાક પરિશ્રમ કરવો પડશે. કેવળ ઇચ્છાશકિત જ એને વશ કરી શકે છે અને ચંચળતાને રોકી શકે છે.

મન ઉપર જે આત્માની છાયા છે તે જ્યાં સુધી મન સ્થિર નથી થતું ત્યાં સુધી દેખી શકાતી નથી. જેવી રીતે ક્ષુબ્ધ સમુદ્રની સપાટી ઉપર ચન્દ્રમાનું પ્રતિબિંબ નથી દેખાતું તેવી રીતે તે દેખી શકાતી નથી.

જે મનુષ્ય પાસે વિવેક તથા દૃઢ ઇચ્છાશકિત હોય છે તે સ્હેલાઈથી માયાને દૂર કરીને આત્માનુભવ કરી શકે છે. વિવેક તથા ઇચ્છા એ બે શકિતઓવડે મન વશ કરી શકાય છે.

જો દર્પણુ મેલું હોય છે તો ચ્હેરો સ્પષ્ટ દેખાતો નથી, તેવી રીતે જો મન મેલું હોય છે તો આત્માને જોઈ શકાતો નથી, કામ, ક્રોધ, લોભ વગેરે મળ છે, એ બધાને નિરંતર નિષ્કામ કર્મયોગવડે દૂર કરો.

જુદા જુદા પ્રકારની વાતો કરવી એ પણ એક જાતની ખરાબ ટેવ છે. તે મનને અત્યંત વિચ્છિન્ન કરે છે. તેનાથી મન બહિર્મુખ થઇ જાય છે અને માણસ આધ્યાત્મિક દૃષ્ટિથી પડી જાય છે. અઠવાડીઆમાં ઓછામાં ઓછો એક દિવસ મૌનવ્રતનો અભ્યાસ જરૂર કરવો જોઇએ. વાતચીતમાં ઘણી જ શકિત ક્ષીણુ થાય છે.

મન હમેશાં સુખની પાછળ જ લાગ્યું રહે છે. તમે કેરી ખાવી પસંદ કરો છો કેમકે તેનાથી તમને સુખ મળે છે. બધી વસ્તુઓમાં માણુસ પોતાના આત્માને જ વધારે ચાહે છે. એ આત્મપ્રિયતા બતાવે છે કે આત્મા આનંન્દમય જ છે.

આત્માનુભવ માટે સૂક્ષ્મ, શુધ્ધ અને ઉચ્ચ મન, દૃઢ ઇચ્છા, ધૈર્ય, સંતોષ અને ઉત્સાહની આવશ્યકતા છે. રાજસિક મનમાં બીજાના વિષયોમાં જોવાથી પ્રવૃત્તિ હોય છે. તે બીજાના ખરાબ અને નિન્દ્ય કર્મો યાદ રાખે છે અને તેના સારા કર્મો ભૂલી જાય છે, એ બન્ને પ્રકારની પ્રવૃત્તિઓથી દ્વેષની પ્રબલતા થાય છે અને તેને લઇને ઘણે ભાગે મન ક્ષુબ્ધ થાય છે.

જયારે તમારૂં મન બીજાના દોષો જોવા ચાહે ત્યારે તેના સારા ગુણોનું સ્મરણુ કરો. તેના સારા સ્વભાવ તરફ જુઓ. એ બે રીતથી તમારામાં પ્રેમની વૃદ્ધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશે અને દ્વેષનો નાશ થશે. દૈનિક જીવનના વ્યવહારમાં સાવધાનીથી મનની દેખરેખ રાખો. એ બન્ને રીતને કાર્યાન્વિત કરો. એક પણ સિદ્ધાન્ત, વાતચીત અને અધ્યયન કરતાં એક રતિભાર આચાર-કાર્ય શ્રેષ્ઠ છે. જો તમારામાં જરાપણ અહં-ભાવ હશે અને જો નામરૂપથી તમે જરાપણ આસકત હશો, જો તમારામાં વાસનાની ગંધ પણ રહી ગઇ હશે અને જો તમારા મનમાં સાંસારિક કામના-ઓનું લેશ ચિહ્ન હશે તો તમને આત્માનુભવ નહીં થઇ શકે.

એક માણુસ મનની એકાગ્રતાદ્વારા ગુહ્ય સિદ્ધિયો પ્રાપ્ત કરી શકે છે પણ તેનામાં માનસિક પવિત્રતા ઓછી હોઇ શકે છે. માટે આત્માનુભવ માટે માનસિક પવિત્રતાની પહેલી જરૂર છે.

માયા એ જ મન છે. મનના કામ એ સ્વયં માયાના કામ છે. રૂપ તરફ મનમાં જે આકર્ષણ અથવા આસકિત થાય છે તેજ માયા છે. આપણા આત્માને મનરૂપ બનાવવો એજ માયા છે.

'સજાતીય પદાર્થોમાં આકર્ષણ'નો નિયમ હમેશાં ક્રિયાશીલ હોય છે. તમે તમારા જીવનની એક બાજુથી તમારા વિચારો અને જીવનની અવસ્થાઓ તથા પ્રભાવો તરફ નિરંતર આકર્ષિત થઇ રહ્યા છો.

પ્રત્યેક ભાવ ભાવનાપર આધાર રાખે છે. ચિંતન અને કામનાના સંયોગને જ ભાવના કહે છે. ભાવનાઓ તેજ કામનાઓનું રૂપ છે, જે વિચાર તત્વ દ્વારા ગુંથાઇ રહે છે. બીજા શબ્દોમાં વિચારયુકત કામના તે જ ભાવના કહે છે. ભાવનાઓનું કંપન માનસિક દ્રવ્ય જ હીલચાલ ઉત્પન્ન કરે છે અને એ-નાથી મનુષ્યના બધાય વિચારો બાધિત અને ક્ષુબ્ધ થઇ જાય છે.

ધ્યાન કરવાની ઓરડીને પ્રભુમંદિરની જેમ પવિત્ર ગણવી જોઇએ. ત્યાં અપવિત્ર વિષયોપર વાતો ન થવી જોઇએ. ત્યાં અમર્ષ, દ્વેષ, લોભ સંબંધી પાપમય વિચાર ન થવા જોઇએ. ધાર્મિક અને શ્રદ્ધાળુ ચિત્તના પુરૂષોને જ ત્યાં પ્રવેશ કરવા દેવો જોઇએ. કેમકે જે કાંઇ આપણે કરીએ છીએ, જે કાંઇ આપણે વિચા-રીએ છીએ, જે કાંઇ બોલીએ છીએ તેના સંસ્કાર એ ઓરડીના વાતાવરણમાં પડવા દઇએ અને જો ખરાબ વિચાર વગેરેથી બચવાની ચિંતા ન કરવામાં આવે તો તે સાધકના મનપર તેનો પ્રભાવ પાડશે અને મનને ક્ષુબ્ધ તથા નિષ્ક્રિય બનાવી મૂકીને તેને ભકિતભાવના માટે નાલાયક કરી મૂકશે. જે શબ્દ બોલી નાખવામાં આવે છે, જે વિચાર મનમાં ઉઠી આવે છે, જે કર્મ કરવામાં આવે છે તે નષ્ટ નથી થતા તે બધા હમેશાં વાતાવરણના સૂક્ષ્મ પડદા ઉપર પ્રતિ-બિંબિત થઇ રહે છે અને નિરંતર મન ઉપર પ્રભાવ પાડ્યા કરે છે. તેના પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજય મેળવવા માટે બની શકે તેટલો પ્રયત્ન કરવો જોઇએ. કેટલાય મહિનાઓ સુધી એ કરવું પડશે. જ્યારે ટેવ બદલાઇ જશે ત્યારે બધું આપોઆપ ઠીક થઇ જશે.

ભય રાગનો અંદર છુપાઇ રહેલો છે. જ્યારે આપણુને શરીર તરફ રાગ થાય છે ત્યારે મૃત્યુનો ભય રહ્યા કરે છે. જ્યારે દ્રવ્ય તરફ રાગ થાય છે ત્યારે દ્રવ્યહાનિનો ભય ઉત્પન્ન થાય છે, કેમકે દ્રવ્ય જ ભોગના ઉપકરણો પ્રાપ્ત કરવાનું સાધન છે. જ્યારે તમને સ્ત્રી પ્રત્યે રાગ થાય છે ત્યારે હમેશાં તેનાં રક્ષણની ચિંતા રહ્યા કરે છે. એ રીતે ભય એ રાગનો ઘણો જ જુનો અને ઘનિષ્ટ મિત્ર છે. મનની વૃતિયોમાં રાગ, દ્વેષ અને મોહની જડ ઘણી જ ઉંડી જામી ગયેલી છે, તેને ઉખેડી નાખવા માટે દૃઢ અને સતત પ્રયત્નની આવશ્યકતા રહેલી છે.

સુખનું કારણ તૃષ્ણા છે, જ્યાં તૃષ્ણા નથી ત્યાં સુખ નથી.

ઇચ્છા ( તૃષ્ણા ) નું કારણ બાહ્ય વિષયોનું અસ્તિત્વ છે.

સાધકે સંગ છોડીને મૌનાવલંબન કરવું જોઇએ કેમકે રાગને લઇને પરિચય વધે છે અને દ્વેષને લઇને કઠોર શબ્દો બોલતા દુઃખ જ પ્રાપ્ત થાય છે. શબ્દ તીર જેવા હોય છે તે બીજાની ભાવનાઓને ક્ષતવિક્ષત કરી નાખે છે. મૌનાવલંબન તથા સંગત્યાગદ્વારા માણુસ વાગિન્દ્રિયનો સંયમ કરી શકે છે અને રાગને દૂર હઠાવી શકે છે ત્યારે જ મનને શાંતિ મળે છે.

રાજયોગી પ્રતિપક્ષ–ભાવનાવડે અર્થાત્ ખરાબ વિચારોને બદલે ઉંચા વિચારોને સ્થાન આપીને તે બધાનો નાશ કરે છે. ભક્ત પુરૂષ તેને આંતરિક પ્રાર્થના તથા આત્મ સમર્પણદ્વારા નષ્ટ કરે છે. તે કહે છે કે–" હે પ્રભુ ! હું મારા બધાં કર્મ તથા કર્મના ફલની સાથે મારી પોતાની જાતને તારા ચરણોમાં સમર્પણ કરૂં છું. મને ખરાબ વિચારો દૂર કરવાની તથા નષ્ટ કરવાનું બળ આપો " જ્ઞાનયોગી તેને ઉદાસીન વૃત્તિ તથા વિચારદ્વારા નષ્ટ કરે છે તે કહે છે. કે–" એનું મારે કંઇ કામ નથી. હું તો સચ્ચિદાનંદ સ્વરૂપ છું. એ ઉત્તેજનાઓ મનની સાથે સંબંધ રાખે છે; હું તો મનથી અલગ છું. "

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૧૦૫ થી શરૂ )

શિખરજી-થી બૈજનાથ થઇ પુનઃ ચંપાપુરી ગયા. ત્યાં શ્રી વાસુપૂજ્ય પ્રભૂનાકલ્યાણકનો ઉત્સવ ધામધુમથી ઉજવી ડુમકા રસ્તે થઇ આગળ વધ્યા. ડુમકાનું જંગલ ભયંકર આવે છે. અમે જંગલમાં વિહાર કરતા......ગયા. સોળથી સત્તર માઇલનો વિહાર થયો પરંતુ ઉતરવાના સ્થાનનો પત્તો ન હતો. ત્યાં સામેથી ઉઘાડા બદનવાળો, માત્ર લંગોટી પુરતી અડધી ધોતી પહેરી હતી તે આવ્યો અને નમસ્કાર પ્રેમથી કર્યાં તેણે પોતાની ભાષામાં પૂછ્યું આપ કયાં જાઓ છે? અમે કહ્યું આગળ. પરંતુ તેણે કહ્યું આગળ જંગલ બહુ જ ભયંકર આવે છે. સૂર્ય માથે ચઢયો છે —આવ્યો છે. આ ગરીબની ઝુંપડી પાવન કરો. હું ગરીબ છું. આપની ખાતર કરવા યોગ્ય નથી છતાંય જે સુકી રોટી હશે તે આપીશ. અમે કહ્યું વાંધો નહી. ઉતરવાનું સ્થાન મળે તોય ઘણું છે. પછી એ પોતાના સ્થાને લઇ ગયો. સુંદર મકાન આપ્યું. પછી માલુમ પડયું કે આ ગરીબ કહેવાતો માણસ તો આ જંગલનો રાજા છે. અમને બધી સગવડ કરી આપી પછી અમે અહિંસાપરમોધર્મઃ નો પવિત્ર મંત્ર સુણાવ્યો. ઘરમાં જ પચાશેક માણસ હશે. બધાને ભેગા કર્યા, ઉપદેશ સાંભળ્યો. આજુબાજુના ગામોમાં તેણે ખબર આપ્યા. બધાય માણસો એકત્ર થયા. ઉપદેશ સંભળાવ્યો. અહિંસા ધર્મ, અને જૈન ધર્મનું, જૈન સાધુઓનું સ્વરૂપ વર્ણવ્યું. જૈન સાધુઓના ત્યાગ, નિસ્પૃહતા અને અકિંચનતા જોઇ, સાંભળી તે લોકો બહુ જ ખુશી થયા. ત્યાંથી વિહાર કરતા શાંતિનિકેતન ગયા.

ભારતની પ્રાચીન સંસ્કૃતિના રક્ષણ સાથે અર્વાચીન સંસ્કૃતિનો વિકાસ અને પૂર્વ ને પશ્ચિમ બંને દેશોની વર્તમાન સંસ્કૃતિની સાંકળ ગુંથવાના ભવ્ય મનોરથોથી આ સંસ્થા પ્રાદુર્ભૂત થઇ છે. આ સંસ્થાની મૂળ સ્થાપના મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરે કરેલી. ત્યારપછી તેનો વિકાસ મહાકવિ રવીન્દ્રનાથ ટાગોરે કર્યો. દેશવિદેશના અનેક વિદ્વાનો ત્યાં રહી ભારતની પ્રાચીન સંસ્કૃતિના વિકાસનો અભ્યાસ કરી નૂતન આવિષ્કારો પ્રગટ કરે છે. ભારતના દર્શનશાસ્ત્રો, ધર્મ-ગ્રંથો, સાહિત્ય તથા અનેકવિધ સાહિત્યનો અભ્યાસ કરતા સાથે પાશ્ચાત્ય દેશોની સંસ્કૃતિ અને સાહિત્યમાં નિષ્ણાત થાય છે. અંહીં સરકારી પરીક્ષાઓનાં બંધનથી ખુદ મહાકવિ રવીન્દ્રનાથ પણ ગર્વપૂર્વક કહે છે કે યદિ મારો આ વિકાસ અને ઉન્નતિ થઇ હોય તો પરીક્ષાના બંધનોનો અભાવ જ છે. પંડિત સુખલાલજી ત્યાં મળ્યા અને તેમણે એક અનુભવી વિદ્યાર્થી સાથે આખી સંસ્થા બતાવી. અનેકવિધ વિષયો ત્યાં ચાલે છે. અભ્યાસ વૃક્ષોની છાયામાં કુદરતની ગોદમાં જમીન ઉપર જ થાય છે. ત્યાં શાસ્ત્રીજી અને પ્રસિદ્ધ કલાવિશારદ......નો પ્રત્યક્ષ પરિચય થયો. બહુ જ સજ્જન અને ભલા છે તેમજ પ્રખર ધુરીણ વિદ્વાન છે. આ સિવાય એક ચીનાઇ અને જાપાનીઝ પણ હતા. હું ભૂલતો ન હોઉં તો અમેરીકન પણ એક હતા. આ સિવાય પુસ્તકાલય-જ્ઞાનભંડાર પણ ખાસ જોવાજેવો છે. બૌદ્ધિક અને વૈદિક સાહિત્ય તેમજ પાશ્ચાત્ય દેશીય સાહિત્ય વિપુલ પ્રમાણમાં છે. જૈન સાહિત્ય નહિવતજ છે. કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યાપ્રેમી દાનવીર સજ્જન જૈને અહીં સુંદર જૈન સાહિત્ય પહોંચાડવાની ખાસ જરૂર છે. સંગીત આટર્સ પણ અહીં બહુ જ સારા અને સુંદર પ્રમાણમાં શીખવાડાય છે. એક શ્રીભુવન છે પણ અમને જોવાનો ટાઇમ ન મળ્યો. અહીંના વિદ્યાર્થીઓ રજાના દિવસોમાં-અમુક તહેવારના દિવસોમાં નજીકનાં ગામડાઓમાં જઇ શુદ્ધિ, આચારશુદ્ધિ, ગૃહશુદ્ધિ માર્ગશુદ્ધિ, મનોશુદ્ધિ આદિ સમજાવી જાતમહેનત કરી આદર્શ બતાવે છે. અહીં અમને કેટલીક વાત ખટકી, તેમાં મોટી ઉમ્મરના યુવાન વિદ્યાર્થીઓ અને યુવતી વિદ્યાર્થીનીઓ એક સાથે રહી ભણે છે તે અને માંસાહારની છુટ છે તે. આ મુખ્ય વાત છે. બધું જોયા પછી પંડિત સુખલાલજી સાથે દોઢથી બે કલાક વાર્તાલાપ ચાલ્યો હતો, જેમાં સંસ્થા સંબંધી અને જૈન સમાજના ઉદ્ધાર—કેળવણીપ્રચાર, સમાજરચના, હાલની પરિસ્થિતિ આદિ વિષયો મુખ્ય હતા.

જૈન સમાજમાં આવી એક સંસ્થાની જરૂર છે, જે જૈન દર્શનની વિવિધ ખુબીઓ સમજાવવા સાથે, સ્યાદ્વાદનો ક્રમિક વિકાસક્રમ સમજાવી એકાન્તવાદની ખામીઓ બતાવવા સાથે પાશ્ચાત્યદેશીય પણ જ્ઞાન આપી તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરાવે સાથે સમાજરચના, સાહિત્યોદ્ધાર, પ્રાચીન સૂત્રગ્રંથોમાં—ધર્મગ્રંથોમાં રહેલ સુંદરચિત્રકલાનો અને એ સિવાય સામાજિક, ધાર્મિક અને ઐતિહાસિક વિષયોનું પુરૂં જ્ઞાન કરાવી દુનિયાને જૈન દર્શનની આવશ્યકતા સમજાવે. જગતમાં કોઇપણ ધર્મના સિદ્ધાંતો વિશ્વધર્મ બની શકે તેમ હોય તો માત્ર જૈન ધર્મના સિદ્ધાંતો જ છે. આવી સંસ્થાઓથી સમાજને અનેક ફાયદા છે. અહીંથી લાંબાલાંબા વિહાર કરી અમે પુનઃ કલકત્તા ગયા.

કલકત્તા પુનઃ આવવાનું કારણ અમે જ્યારે કલકત્તાથી વિહાર કર્યો ત્યારે પ્રથમ મુકામે નવ સદ્દગૃહસ્થોને પ્રતિજ્ઞા કરાવી હતી કે ચૈત્રી પૂર્ણિમા પહેલા અહીં મંદિર અને મૂર્તિ આવી જાય નહિં તો ત્યારપછી બધા બ્રહ્મચર્ય પાળે અને કેરી સર્વથા ન ખાય. આ પ્રતિજ્ઞા જલ્દી ફળી અને કામ થયું એટલે અમારે પણ આવવું જ પડયું. અહીં સુંદર મંદિર થઇ ગયું, તેમજ ઉપાશ્રય પણ બહુ જ નાનો હતો. પર્યુષણાના વ્યાખ્યાન માટે અન્યત્ર જવું પડતું, સંવત્સરી પ્રતિક્રમણ પણ અન્ય સ્થાને કરી પુનઃ સાધુઓને ઉપાશ્રયે આવવું પડતું તેમાં વર્ષાદ આદિની અડચણોનો પાર ન હતો; પૂ. પાદ શ્રી ગુરૂ મહારાજશ્રીના ઉપદેશથી ઉપાશ્રય પણ વિશાલ થઇ ગયો આજ હજારો માણસ બેસી શકે તેવી સગવડ છે. આ ઉપાશ્રયને અંગે જ બીજું ચોમાસું પણ કરવું પડયું. આ વર્ષે કલકત્તામાં એક જૈન વિદ્યાલય સ્થપાય તે માટે મહારાજશ્રીએ ઘણો પ્રયત્ન કર્યો હતો-હીલચાલ ચાલી હતી, પરન્તુ હજી સ્થિતિ પરિપાક નહિં થયેલી હોવાથી તે હીલચાલ અધુરી જ રહી. બીજારોપણ થયું છે, ભવિષ્યમાં કોઇ મહાત્મા પુરૂષના ઉપદેશથી તે સફળ પણ થશે. આ સિવાય જગદીશચંદ્ર બોઝની લેબોરેટરીમાં વનસ્પતિમાં જીવો આદિ ઘણું ઘણું નવું જોયું ( આ માટે જગદીશચંદ્ર બોઝની પ્રયોગશાલાવાળો મ્હારો લેખ જૈન જ્યોતિમાં આવી ગયો છે એટલે લંબાણ નથી કરતો, )

અનુક્રમે ત્યાંથી વિહાર કરી શિખરજીની ત્રીજી વાર યાત્રા કરી પૂનઃ ગયાજીવાળા રસ્તે થઇ આગળ વધ્યા.

## ઘટરાઇનની વિચિત્ર ઘટના.

ગયાજી તો આ વખતે દૂર રહ્યું પરન્તુ સડક ઉપર ડોભી આવે છે, જ્યાંથી ભદ્દિલપુર જવાય છે. આ વખતે ત્યાં તો ન ગયા પરન્તુ ભદ્દિલપુરના પહાડની શ્રેણી દૂરસુદૂર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી લંબાયેલી છે. તેના છેલ્લા શિખરે એક દેવીનું મંદિર છે. આ સ્થાનનો પહાડ બે માઇલ ઉંચો હશે અને ગામથી પણ પહાડ બે અઢી માઇલ દૂર હશે. નીચે ગામ **ઘટરાઇન** છે. ગામમાં બે મોટા મોટા પાડા (વાસ) છે–એકમાં રાજપુતો વસે છે અને બીજામાં બ્રાહ્મણો. અમે રાજપુતોના વાસમાં જ રહ્યા હતા. ઉપદેશ આપી જૈન ધર્મના સિદ્ધાંતો, અહિંસા ધર્મ વગેરે સમજાવ્યા અને કહ્યું અમારા બધા ભગવાન્ રાજપુત જ હોય છે. તેઓ બહુ ખુશી થયા. શીતલનાથ ભગવાન્ અહીંજ ભદ્દિલપુરમાં થયા છે. તેમણે કહ્યું અહીં પણ શીતલનાથ થયા છે. અહીં પ્રથમ ઘણાં જૈન મંદિર અને મૂર્તિઓ હતી પણ.. લોકોએ તોડીફોડી ફેંકી દીધી. તમે ચાલો તો બતાવીએ. અહીંથી નજીકમાં જ અમને પણ કંઇક જૈન ધર્મનાં પ્રાચીન સ્મારક મળશે તે આશાએ ત્યાં જવાનું મન થયું. અમે રાજપુતોના વાસમાં આવ્યા છીએ અને જૈન-ધર્મનો–અહિંસાનો ઉપદેશ આપીએ છીએ, તેની ખબર બ્રાહ્મણ પંડાઓને પડી. બધા ગભરાયા. રખેને બધા જૈની બની જાય, અહિંસાધર્મી બની જાય, અમારી રોજી ટુટી જશે. તેમણે વાદવિવાદ-ખંડનમંડનના ગ્રંથ ચૂંથવા માંડયા. અમને પણ ખબર મળી. અમે તો તેમના તરફ લક્ષ્ય પણ ન આપ્યું. બીજે દિવસે સહવારમાં આઠ દસ રાજપુતો અને અમે ત્રણ પહાડ ઉપર જવા ઉપડ્યા. આડબીડ રસ્તો, કાંટા, ગોખરૂ અને કાંકરા વાગે. અન્તે પહાડ નજીક આવ્યા. અહીં પણ આડબીડ રસ્તો જ હતો ગામડા । માણસો અને પગમાં જુતી સહિત; માત્ર અડચણ અમારે જ હતી "એ શૂરાનો છે માર્ગ રે." જેવું હતું. મહામુસ્કેલીએ એકાદ માઇલ ગયા ત્યાં **ઉપર જ ભદ્દિલપુરના પહાડની માફક ભવ્ય ચોગાન, સુંદર મંદિર અને તળાવ આવ્યું.** ચોગાનમાં ઝાંખરાં ઉગ્યાં છે અને તળાવ સુકાઈ ગયું છે અને મંદિર જમીનદોસ્ત થયું છે. પુરાણી ઇંટો અને શિખરના ધ્વસ્ત વિભાગો પોતાનું અસ્તિત્વ ગાઇ રહ્યાં હતાં. જૈન મંદિર હતું એમ નિશાનીઓ મળે છે. મંદિરના ગભારાના ટોડલા ઉપર, બાર શાખ ઉપર મૂર્તિની આકૃતિ દેખાતી હતી. શિખરના ટુકડા પણ ભવ્ય મંદિર અને તેના ગૌરવને ગાતા મૂક સુતા હતા. મંદિરની ઇંટો બહુ જ પુરાણી-લગભગ દોઢથી બે હજાર વર્ષ પૂર્વેની છે. મંદિરમાં ધ્વસ્ત વેદીપણ હતી-છે. આ સ્થાન છોડી ત્યાંથી પણ ઉપરની ટેકરીએ ચઢયા. ત્યાં પાદુકા છે, જેવી જૈન મંદિરોમાં હોય છે તેવી જ. પરન્તુ તેની સામે એક ખાડો કરી ભુદેવોએ શિવલીંગ પધરાવ્યા છે. **આ પ્રાચીન જૈનમંદિર જ હશે એમાં લગારે** સંશય જેવું નથી, પરન્તુ અત્યારે તો શિવજીનું મંદિર બન્યું છે. આ સ્થાન શ્રી શીતલનાથ પ્રભુની ચરણરજથી પુનિત થયું છે. આ સિવાય બીજે પણ એકાદ-બે સ્થાને માત્ર પ દુકા છે આ પહાડમાં કયાંય જીવહિંસા થતી નથી, સ્થાન પણ પવિત્ર અને શુદ્ધ છે. બાકી ચઢાવ તેમજ ઉપર ફરવાનું બહુ જ મુસ્કેલ છે. બન્ને પહાડની વચમાં ખીણમાં ઉતરી અને કાં તો કુદીને જઇએ ત્યારેજ ખરૂં જોવાનું મળે. અમે સાહસ તો કર્યું જ હતું. લગાર પ્રમાદ થાય કે ભૂલ્યો તો મૃત્યુના મુખમાં જ જાય. અસ્તુ હવે સાથેના રજપુતો–ક્ષત્રિયોના મનમાં થયું કે ગુફાને રસ્તે નીચે જઇએ. બાવાજી (અમારી) સાથે ગુફા ઉતરાશે અને નવીન માર્ગ જોવાશે. અમે પૂછયું કોઇ અનુભવી છે? બધાએ કહ્યું હમને દેખા હે, કોઇ હર્જ નહિ હે; પણ ખરી રીતે કોઇ અનુભવી ન હતું. બધા અમારા જેવા જ અણુજાણુ હતા. થોડો રસ્તો તો સરળતાથી પાર કર્યો. કયાંક લાંબા થઇને, કયાંક બેસીને અને કયાંક વાંકા વળીને પણ ઉતર્યા. રાજપુતો મનમાં ખુશી ખુશી થતા જતા હતા. હિમ્મત, હોંશ અને ઉત્સાહથી એક પહાડીથી બીજી પહાડી અંધેર ગુફામાં વટાવતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળ જતા હતા; પરન્તુ આ બધું વિજળીના ચમકારાની માફક ક્ષણિક જ નીકળયું. થોડે દુર જતા વાઘનાં પગલાં દેખાયા. ત્યાંથી નીકળી બીજે રસ્તે ગયા. એક ખૂબ ઉંડા કોતરમાંથી નીકળી નવો રસ્તો કાઢવાનો હતો. બે રાજપુતો ઉંચે ચઢી રસ્તો જોતા હતા ત્યાં તેમણે વાઘને પૂંછડી પટપટાવતો જોયો. માણસના ગંધ તરફ ધ્યાન દઇને બેઠો હતો, પરન્તુ એ રાજપુતોના હાંજા ગગડી ગયા. ત્યાંથી જીવ લઇને નાઠા, નીચે ઉતર્યા. હવે રસ્તો એવો વિચિત્ર હતો કે ન નીચે ઉતરાય કે ન ઉંચે ચઢાય બધાયનાં પોતીયાં ઢીલા થયા. " અમે કહ્યું " ભાઇઓ બીવો છો શા માટે? શાન્તિથી વિચારી નવો રસ્તો કાઢો. બાકી ડરે શું થવાનું હતું. આપણાથી તે પણ ડરશે ' આ સ્થાન એવું વિકટ હતું કે યદિ વાઘ ઉપરથી તરાપ મારે તો એકાદ બે જણને તો જરૂર લઇજ જાય. અમે તો ભગવાન્ મહાવીરનું સ્મરણ કરતા જતા હતા બીજો રસ્તો શોધી કાઢ્યો. રાજપુત ભાયડા તો ઝપાટાબંધ ઉપર ચઢયા. અમે તો નિર્ભય થઇ ત્યાં જ ઉભા ધીમે ધીમે ઉપર ચઢયા. તે ઠેઠ જ્યાંથી ગુફામાં ઉતર્યા હતા ત્યાં જ રસ્તો જઇને ઉભો રહ્યો. ખરે જ જીવન દરેકને કેટલું વહાલું છે તેનું આ દૃષ્ટાંત હતું. રાજપુતોને શિકાર ન કરવો અને માંસાહાર ન ખાવાનો ઉપદેશ આપતાં કહ્યું ભાઇ જીવન કેટલું પ્યારૂં છે? તમે બીજાના પ્રાણ લ્યો તેને કેટલો ડર લાગતો હશે? અસ્તુ. એ પહાડથી ઉતરી સામેના બીજા પહાડે ગયા ત્યાં એક સૂર્યમંદિર હતું. આ પ્રથમ જૈન મંદિર હતું. અહીં જૈન મૂર્તિઓ પણ હતી કહે છે કે એકાદ બે મૂર્તિઓ તો થોડા સમય પહેલાં જ બહારથી ઉપાડી ફેંકી દીધી. બાકી ઘણી મૂર્તિઓ પંડાઓએ ફેંકી દીધી છે. હજીપણ મૂર્તિના ટુકડા અસ્તવ્યસ્ત પડયા છે. પૂર્વ દેશમાં આપણે કેટલું ગુમાવ્યું એ કાળો ઇતિહાસ લખતાંય કલમ ધ્રૂજે છે. આવી તીર્થભૂમિઓ, તીર્થંકરોની ચરણરેણુથી પવિત્ર ભૂમિઓ અને મોટી મોટી જૈન પુરીઓ આજે પૃથ્વીના પડળમાં સંતાયેલ છે. બધાયથી વધારે આપણે પૂર્વ દેશમાં જ ગુમાવ્યું છે, અને બાજો નંબર દક્ષિણનો છે. પહાડથી અમે સાંજે નીચે ઉતર્યા, ત્યાં એક પંડાઓનો પાડો છે-વાસ છે. જૈન સાધુઓના આગમનથી તેઓ ચમકયા હતા અને તેમાં અમારા ભાષણ-વ્યાખ્યાનની જાહેરાતથી વધુ ચમકયા હતા. કેટલાક અહંમન્ય પંડિતો જૈન દર્શનના ખંડન માટે કમ્મર કસી મોટા મોટા પોથા એકઠા કરી બેઠા હતા. સૂર્યાસ્ત ને થોડો સમય જ બાકી હોવાથી અમે ઝપાટાબંધ જતા હતા. તરસ સખ્ત લાગી હતી. ગળાં સુકાતાં હતાં. સાથેના રાજપુતો તળાવ કિનારે બગીચામાં થાક ઉતારવા ગયા. અમારી ત્રિપુટી થાકીપાકી ગામમાં જ જતી હતી ત્યાં બ્રાહ્મણોના વાસમાં પંડિતો મળ્યા. અમને ઉભા રાખ્યા. અમે કહ્યું ભાઇઓ-મહાનુભાવો સૂર્યાસ્ત થવા આવ્યો છે. અમે ભૂખ્યા અને તરસ્યા છીએ માત્ર જલ પી જવાય તોય ઘણું છે; માટે હમણાં વાતો નહિં કરીએ. પણ એ તો અડા ઉભા. અમને કહે અહીં પ્રથમ જૈન મૂર્તિઓ ઘણી હતી પણ હવે એકે નથી અમે પણ હસતાં હસતાં કહ્યું આપ મહાશયોનું બધું પરાક્રમ અમે જોઇ આવ્યા એ પણ અમારો જવાબ સાંભળી ભોંઠા પડ્યા. ત્યાં એક જણ કહે તમારા જેવા સારા, સમજુ અને સજ્જન માણસો આ નાસ્તિક ધર્મ કેમ પાળે છે? બસ પછી તો મુખમસ્તિતી વક્તવ્ય એ ન્યાયે તેમણે પોત પ્રકાશ્યું. જેટલી દાઝ હતી તેટલી કાઢી. જૈનધર્મની નિંદા કરવા માંડી. અમે કહ્યું, તમે ન્યાય અને નીતિનું ઉલ્લંઘન કરો છો. પ્રમાણ પુરસ્સર બોલો. અમે જવાબ આપવા તૈયાર છીએ. અમે પ્રથમ આસ્તિક અને નાસ્તિકનું લક્ષણ પંડિતો પાસે કરાવી પછી બોલ્યા. જૈન દર્શન આપે જોયું છે? તે પુણ્ય, પાપ, ઇશ્વર, પુનર્જન્મ, સ્વર્ગ આદિ બધું માને છે?

—(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આજે સમાજ (જ્ઞાતિ) ને કેવા આગેવાનની જરૂર છે?

આજે આપણી સમાજનું, બીજી કોમની તુલનાએ અધઃપતન થઇ રહ્યું છે. દ્રવ્ય–ક્ષેત્ર–કાળને વિસારી દેવામાં આવ્યો છે. રૂઢીઓ, પ્રણાલિકાઓ અને જમાનાને નહિં બંધબેસતા રિવાજોમાં સુધારાવધારો કે ફેરફાર કરવાનું મન પણ થતું નથી. ધર્મસમાજમાં અને જ્ઞાતિઓમાં આપસઆપસમાં કુસંપ–કજીયાનું વાદળ છવાઇ ગયું છે ન્યાય, પ્રમાણિકપણું, કાયદા, ધારાધોરણ, બંધારણ તેની મર્યાદા પણ રહી નથી. પક્ષ કે પૈસાવાળો માણસ ગમે તે કરી શકે છે! ત્યારે તે વગરનાનો ન્યાય માગવામાં આવે છે. આવા સંજોગ, સમય, કાળ કેવું પરિવર્તન માંગે છે તેની કોઇને પરવા નથી. આવે વખતે આપણે કેવા આગેવાનોની જરૂર છે? તે ટુંકમાં જણાવવાનો આ લેખકનો ઇરાદો છે.

૧ હાલ સમાજ તથા જ્ઞાતિને સાચો સેવાભાવી, ( સેવાના બણગાં ફુંકનારો, દુધ-દહીંમાં પગ નહિં રાખનારો ) સાચો સુધારક, ( એક વખત કંઇ ને બીજી વખત કંઇ કરવા માંગે તેવો નહિં ) ઇર્ષાખોર, દ્વેષી અને વેર લેવાની નહિં વૃત્તિવાળો સરલ હૃદયનો આગેવાન જોઇએ છીએ.

૨ સમાજની સુધારણાની તમામ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમમાં છેવટ સુધી ભાગ લેનારો, તન–મન–ધનનો ભોગ આપનાર નિરાડંબરી અને નિખાલસ નેતા જોઇએ છીયે.

૩ યુવકોને છાજતી ( દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવને ઉચિત ) લડતોમાં ભાગ લેવાની ખરા હૃદયની ધગશવાળો દોરનાર જોઇએ છીયે.

૪ આખી જ્ઞાતિ અને સમાજને સીધી કે આડકત્રી રીતે ( ઉન્નતિના માર્ગે ) વાળનાર અને જ્ઞાતિ વગેરેના જર્જરિત અને જડ રીવાજોને દૂર કરવા, હાકલ પાડનારોની પાછળ કાયમી સાથ આપનાર, અને તેમ કરતાં સહનશીલપણે શાંતિપૂર્વક રૂઢીચુસ્તવર્ગનો ખોફ વહોરી લેનાર અને છેવટ સુધી પોતાના વિચારને વળગી રહેનાર મુખી જોઇએ છીએ.

૫ સામાન્ય સ્થિતિનો જ્ઞાતિજન કે ધર્મીબંધુ પણ જ્ઞાતિ, સમાજ કે સંઘ પાસે પોતાના ખુલ્લા વિચારો નિર્ભયતા સહિત મૂકી શકે તેવું વાતાવરણ જ્ઞાતિ કે સમાજમાં ઉત્પન્ન કરાવી શકે, (પોતાને ગમતું એક વખત મૂકવા દે અને બીજી વખતે પોતાના વિચાર કે કાર્ય વિરૂદ્ધ હોય તેવે વખતે જ્ઞાતિ કે સમાજ પાસે તેવા સામાન્ય સ્થિતિના મનુષ્યને તેના ખુલ્લા વિચારો ન મૂકવા દે કે જોરથી દબાવી દે તેવો નહિં ) તેવા સેવાભાવી અગ્રેસરની જરૂર છે.

૬ જ્ઞાતિ કે સમાજના, કેળવણીની ક્ષેત્રોની સેવા કરનાર, તેમાં સેવા આપનાર અને તે માંહેની બેકારી ટાળવા, અને તેની આરોગ્યતા માટે પ્રયત્નો કરવાના ઉત્સાહવાળા આગેવાનોની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર–સમાલોચના.

**૧ નરનારી સંબોધ**—સંગ્રાહક મુનિરાજ શ્રી **સંપદ્વિજયજી** મહારાજ. **સંશોધક** અને અનુવાદક **પં. લાલચંદ** ભગવાનદાસ ગાંધી. નરનારીને સંબોધ કરનારું, સદાચારનો બોધ આપનાર, મુમુક્ષોને વૈરાગ્યના માર્ગ તરફ દોરનાર, આ લઘુ પણ ઉપયોગી કાવ્ય મૂળગ્રંથમાં છે જેમાં ચાર પ્રબંધો છે. જેમાં ગુજરાતી, સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં તે લખાયેલ છે. કર્ત્તાશ્રીનું નામ નથી પરંતુ તેઓશ્રી ત્રણે ભાષાના જાણકાર હોય તેમ જણાય છે. આ કાવ્યો પંડિતજી લાલચંદભાઇ ગાંધી જેવા વિદ્વાનના હાથે શોધાઇ ને ભાષાંતર થયેલ હોવાથી તે સ્પષ્ટ, શુદ્ધ અને સાદી સરલ ભાષામાં એક સુંદર રચના બની છે. આ ગ્રંથ નિરંતર પઠન–પાઠન કરવા જેવો છે. પ્રકાશક જૈન સંઘ તરફથી શેઠ નાનચંદ મૂળચંદ કોઠીપોળ–વડોદરાથી ભેટ મળી શકે છે.

**૨ ધાનેરામાં અપૂર્વ ઉત્સવ**— સંવાદ, વ્યાયામ અને ભાષણસમિતિએ એક ઉત્સવ ઉજવ્યો હતો, જે જુદી જુદી સાત કમીટીઓ નીમી તેની યોગ્ય વ્યવસ્થા કરવા માટે હતી. આ ઉત્સવ જેઠ શુદ ૧ ના રોજ પાલનપુરના સરન્યાયાધીશ શ્રી યાહ્યામીંયા બી. એ. એલ એલ. બી. ના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવ્યો હતો. તેનો ધ્યેય સ્ત્રીકેળવણી અમુક અંશે સફળ બને અને પ્રજાને ચેતનપ્રેરક વસ્તુઓ અપાય તે માટે હતો. સાથે મર્યાદિત રીતે બ્હેનોના ગરબા અને ગાયનો પણ રાખવામાં આવ્યાં હતાં. જુદા જુદા વિષયો ઉપર જુદાજુદા વકતાના ભાષણો થયા હતા કે જે આ ઉત્સવના રીપોર્ટમાં છાપવામાં આવેલ છે. તે સમયોચિત હોવાથી વાંચવા લાયક છે. છેવટે પ્રમુખશ્રીનો ઉપસંહાર અને મેનેજર શ્રીયુત કનૈયાલાલભાઇનું આખા ઉત્સવ માટેનું તારણરૂપ વકતવ્ય થયું હતું.

સ્વર્ગવાસી ઝવેરી સૂરજમલ લલ્લુભાઇ માટે રીપોર્ટમાં આવેલ ખાસ વિભાગ, તેમનું જીવનચરિત્ર, તેમના જીવનના ત્રણ મહામંત્રો અને નવકારમંત્ર પ્રત્યે તેઓનો અપૂર્વ પ્રેમ અને ભક્તિ તેમની નોંધપોથીમાંથી અનુભવના સોનેરીસૂત્રો વાંચતાં તેઓ એક ખરેખર આદર્શશાળી જૈન નરરત્ન હતા તેમ તે ઉપરથી જણાય છે. મનુષ્યની વિદ્યમાનતા કરતાં તેમની પાછળ જ તેમની ખરી કિંમત અંકાય છે તેમ આ પુણ્યશાળી પુરૂષ માટે બન્યું હોય તેમ જણાય છે. ઉત્સવનો આખો રીપોર્ટ વાંચવા યોગ્ય છે. તેના કાર્યવાહકોએ ઉત્સાહ અને ખંતથી ઉત્સવ ઉજવ્યો તે અનુકરણીય છે.

---

**૭ કીર્તિની ઇચ્છાવાળો ભલે હોય કારણ કે માનવ સ્વભાવ સાથે તે જડાયેલી વસ્તુ છે, છતાં હૃદયના ઉંડાણમાં જ્ઞાતિ કે સમાજની કરૂણ સ્થિતિનું દર્દના ભાનવાળો હોવો જોઇએ.**

**૮ જ્ઞાતિ કે સમાજ–સેવાની ધગશ, તમન્ના, લોહીનો ઉકળાટનો સાગર જેના આત્મામાં ઉછળતો હોય, તેવો સાચો સેવક અને સુધારક હાલ જ્ઞાતિ કે સમાજને આગેવાનની જરૂર છે. (સમાજ સેવક.)**

For Private And Personal Use Only

# વર્તમાન સમાચાર.

## ભાવનગર શહેરમાં શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું અપૂર્વ સ્વાગત.

અઢાર વરસના લાંબા સમય પછી આચાર્ય **શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી** પોતાના શિષ્યસમુદાય મુનિશ્રી સમુદ્રવિજયજી, મુનિ ચરણવિજયજી, કાશીવાળા શ્રી ધર્મવિજયજી આદિ સાથે ભાવનગરને આંગણે પધારે છે, એ સમાચાર મળતાં જ ભાવનગરની જનતામાં ઘણો જ ઉત્સાહ વરતી રહ્યો હતો. શ્રીસુરીજી વળા, પાલીતાણા, મઢડા, શીહોર થઇ વરતેજ પધારતાં દરેક સ્થળોએ સુરિજીના દર્શન માટે ભાવનગરના આગેવાનો અવારનવાર જઇ આવ્યા હતા. વરતેજ મુકામે પણ આગેવાનો જઇ આવ્યા, અને શુક્રવારની રાત્રે ભાવનગરના સારીએ બજાર અને સમવસરણનો વંડો ધ્વજ-પતાકાથી શણગારવામાં આવ્યા.

શનિવારે પ્રાતઃકાળથી જનતા સુરિજીને લેવા માટે વરતેજના રસ્તે સામે જવા માંડી. દાદા-સાહેબના મંદિરે પધારવા સુધીમાં શેઠ ગીરધરભાઇ આણંદજી, રા. મોતીચંદ ઝવેરચંદ, રા. કુંવરજી આણંદજી, શેઠ જગજીવનદાસ અમરચંદ, શેઠ ગુલાબચંદ આણંદજી, શેઠ જુઠાભાઇ સાકરચંદ, શેઠ ખાન્તિલાલ અમરચંદ, શેઠ નાનચંદ કુંવરજી, શેઠ હરજીવન દીપચંદ, ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ વગેરે તમામ આગેવાનો, શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી વડવા જૈન મિત્ર મંડળ, શ્રી જૈન યુવક મંડળ, શ્રી જૈન યુવક સંઘ વગેરે તમામ સંસ્થાના સંચાલકો, જૈન બોર્ડીંગ અને વિદ્યાશાળાના અભ્યાસકો અને બ્હેનોનો મ્હોટો સમુદાય સૂરિજીના સ્વાગત માટે એકત્ર થઇ ગયો હતો. દરબારી ડંકો, નિશાન તથા ઇંદ્રધ્વજ, જૈન બેન્ડ, પોલીસ પાર્ટી અને સ્થાનક બેન્ડના સાજ સાથે સ્વાગતનું સરઘસ ચઢાવવામાં આવ્યું. શહેરના અગ્ર ભાગમાં થઇ સરઘસ સમવસરણના વંડે આવતા સુધીમાં જનતાનો વિશાળ સમુદાય સૂરિજીના દર્શન માટે ચોમેર એકત્ર થયો હતો.

વંડામાં પધારતાં વ્યાખ્યાનપીઠ પર આવી સૂરિજીએ પ્રાથમિક દેશના આપી, શાન્તિ, પ્રગતિ અને યુગ-પ્રભાવનાના સુંદર સૂત્રો સમજાવી દોઢ કલાક સુધી સમયોચિત મંગળાચરણનું વ્યાખ્યાન કર્યું. ત્યારબાદ શ્રી સંઘ તરફથી શ્રીફલની પ્રભાવના કરવામાં આવી હતી. બીજા દિવસના વ્યાખ્યાનમાં પણ જનતાની હાજરી એટલી જ વિશાળ હતી. સૂરિજીએ સમયોચિત દેશના આપી, અને વિહારની વાત જાહેર કરી. અગત્યના કાર્યને અંગે તેઓશ્રીને પંજાબ જેવા દૂરના પ્રદેશમાં અને મહા શુ. ૫ ના પાલનપુરમાં જૈન કન્યા ગુરૂકુળ ખુલ્લું મુકવા માટે જવાનું હોવાથી તેઓશ્રીની એક દિવસની પણ વધુ સ્થિરતા કોઇ પણ સંયોગો વચ્ચે સંભવીત ન હતી, છતાં આગેવાનોએ આગ્રહી વિનતી રજુ કરી,

સૂરિજીના પ્રવચનનો લાભ જાહેર જનતાને પણ મળી શકે તે માટે સંઘ તરફથી બપોરના જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. આ માટે સમવસરણના વંડામાં જ એક ભવ્ય મંડપ ઉભો કરવામાં આવ્યો હતો. સભાનો સમય થતાં સુધીમાં મંડપ શ્રોતાઓથી ઉભરાઇ ગયો હતો અને પ્રવચનનો લાભ લેવા માટે અત્રેની સ્ટેટ કાઉન્સીલના પ્રમુખ શ્રીયુત સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી, અધિકારીઓ, નગરશેઠ વગેરે શહેરના આગેવાન ગૃહસ્થો પધાર્યા હતા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાખ્યાનનો વિષય "મનુષ્ય કર્તવ્ય" રાખવામાં આવ્યો હતો, વ્યાખ્યાનની શરૂઆતમાં મનુષ્ય અને પશુ અગર અન્ય જીવો વચ્ચેનો ભેદ સમજાવી માનવ-જીવન શા માટે મહત્વનું મનાય છે, અને તેની સફળતા માટે શી શી જવાબદારીઓ રહેલ છે તે સમજાવવામાં આવ્યા બાદ જીવનના ચાર સ્થંભો-તત્ત્વનો વિચાર, વ્રત, દાન, અને મીઠી વાણી પર વિવેચન કરતાં જણાવેલ કે દરેક વસ્તુનો સારાસારનો વિચાર કરી બુદ્ધિનો સદુપયોગ કરવો એ માનવબુદ્ધિની મહત્તા છે. જીવનને સંયમી નિયમિત બનાવવું એમાં દેહની મહત્તા છે, મીઠા-સત્ય અને મધુરા વચનોથી વાચાનો ઉપયોગ કરવો તેમજ પ્રાપ્ત થએલ આત્મિક કે આર્થિક ધનનો સદુપયોગ કરવો એમાં જીવનનો સાર આવી જાય છે-આ ચાર વસ્તુ માણસ સમજે તો દરેક ધર્મ, સંપ્રદાય કે પંથવાળાનો તેમાં ઉદ્ધાર છે-મુક્ત છે-જીવનનું શ્રેય છે, અને એ સમજવામાં મનુષ્ય જીવનની વિશિષ્ટતા રહેલી છે.

સૂરિજીનું વ્યાખ્યાન સમાપ્ત થતાં પરસ્પર આભાર માની સભા વિસર્જન કરવામાંઆવી હતી.

બીજા દિવસના વિહાર કરવાની તૈયારી ચાલતી હતી, પરંતુ રાત્રે વડવા જૈન સંઘના આગેવાનો તરફથી ખાસ આગ્રહ કરવામાં આવતા અગવડતા વચ્ચે પણ સૂરિજીએ આ વિનંતિ માન્ય રાખી હતી. આમ એક દિવસની સ્થિરતા લંબાતા ભાવનગરની જનતામાં હર્ષ ફેલાયો હતો. વિશાળ મેદનાને સગવડ રહે તે માટે સોમવારે સમવસરણને વંડે જ વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. વ્યાખ્યાન સમાપ્ત થતાં જૈન સંઘવતી સૂરિજીએ અત્રે પધારી જે ઉપકાર કર્યો તે બદલ આભાર માનતું એક અભિનંદન પત્ર વોરા જુઠાભાઇ સાકરચંદે વાંચી સંભળાવ્યું હતું. ત્યારબાદ સંભાવિત ગ્રહસ્થો અને બ્હેનો સાથે સૂરિજી શિષ્યમંડળ સહિત વડવાના ઉપાશ્રયે પધાર્યા હતા, જેમના માનમાં ઉપાશ્રય તથા જાહેર રસ્તો ધ્વજ પતાકાથી શણગારવામાં આવેલ અને બપોરના પૂજા ભણાવવામાં આવેલ. આ પ્રસંગે સુરતના પ્રખ્યાત ગવૈયા માસ્તર વસંત અને તેમનું કુશળ સંગીતમંડળ આવેલ હોવાથી પૂજામાં બહુ જ આનંદ આવ્યો હતો, અને શ્રીફળની પ્રભાવના વડવા સંઘસમુદાય તરફથી કરવામાં આવી હતી.

મંગળવારની પ્રભાતે વિહાર થતાં વિદાયનું માન આપવા માટે ગૃહસ્થો અને બ્હેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. ત્યારબાદ કમળેજ પધારતા સંઘે યોગ્ય સ્વાગત કર્યું હતું, અને ભાવનગરવાળા અમૃતલાલભાઇ છગનલાલ શેઠ તરફથી પૂજા ભણાવી સ્વામીવાત્સલ્ય કરવામાં આવેલ. આ પ્રસંગે ખાસ ભાવનગરના આગેવાનો પણ આવ્યા હતા. ત્યાંથી બુધવારે સવારના વિહાર કરી પાલડી પધારતા સ્વાગત કરવામાં આવ્યા બાદ પૂજા ભણાવવામાં આવી હતી, તેમ જ શેઠ મોતીચંદ તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવેલ. અત્રે પણ ભાવનગરના આગેવાનો આવ્યા હતા. ત્યારબાદ ગુરૂવારના રોજ સૂરિજી વળા, બોટાદ, ચુડા, રાણપુર, વઢવાણ થઇ પાલનપુર તરફ પધાર્યા છે,

---

કલકત્તાનિવાસી **બાબુસાહેબ બહાદુરસિંહજી સીંધીના** બીજા સુપુત્ર શ્રીયુત્ નરેન્દ્રસિંહજી સાહેબ આ વર્ષે કલકત્તા વિશ્વવિદ્યાલયની એમ. એસ.સી. ની પરિક્ષામાં પ્રથમ નંબરે પાસ થયા છે. તેઓશ્રી દીર્ઘાયુ થઇ વધારે પ્રગતિશીલ બની પોતાના પૂજ્ય પિતાશ્રીના શુભ પગલે ચાલી ધર્મની વિશેષ સેવા કરવા ભાગ્યશાળી બને એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમદાવાદમાં મુનિ સંમેલન.

## હિન્દુસ્તાનના જૈન શ્વેતાંબરમૂર્તિપૂજક સંઘોને વિનંતિ.

હિન્દુસ્તાનના દરેક ગામના શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને વિનંતિ કરવામાં આવે છે જે અમદાવાદના શ્રીસંઘ તરફથી કેટલાક ગૃહસ્થો સાથે અમોએ શ્રી સિદ્ધક્ષેત્ર ( પાલીતાણા ) મુકામે પૂજ્ય આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજીને વિનંતિ કરી અને વી. સં. ૨૪૬૦ ના ફાગણ વદ ૩ ને રવિવારે તા. ૪ થી માર્ચ ૧૯૩૪ ના રોજથી રાજનગર અમદાવાદમાં શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિ-સંમેલન ભરવાનું નક્કી કર્યું છે; માટે આપના ગામમાં બિરાજતા તેમજ વિહારમાં આવનાર પૂજ્ય મુનિ મહારાજાઓને અમદાવાદ તરફ વિહાર કરવા વિનંતિ કરશોજી.

વંડાવીલા—અમદાવાદ
૨૭-૧૨-૩૩

લી૦ સેવક.
કસ્તુરભાઇ એમ. નગરશેઠ.

તા. ક.—પૂજ્ય મુનિ મહારાજાઓને વિનંતિપત્ર મોકલતાં વિલંબ થાય તેથી આ ખબર જલ્દીથી મળે તેવી અગત્યતા લાગવાથી છાપા મારફત આપી છે.

---

## આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીએ કેવો ઉત્તર આપ્યો છે ?

મુંબઇ સમાચાર પેપરના તા. ૨૭-૧૨-૩૩ ના પાના ૧૬ પર " જૈન મુનિ સંમેલન " એ મથાળા નીચેના સમાચારમાં "આચાર્યશ્રીવલ્લભસૂરિજીને આમંત્રણ" એ ફકરામાં જે સમાચારો પ્રગટ થયા છે તેની ખરી હકીકત એવી છે કે આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિજીને આમંત્રણ કર્યા બાદ તેમણે નગરશેઠને સંઘસત્તા સંબંધનો ખ્યાલ આપ્યો હતો અને જે જે ગામોમાં સંઘોમાં ક્લેશ છે તે આવા પ્રસંગે દૂર થાય તેવા પ્રયત્ન કરવા ઇચ્છા દર્શાવી હતી અને શાન્તિ થાય તેવા પ્રયત્નો કરવા સૂચવ્યું હતું. અને આ સંમેલનમાં પધારવા સંબંધી વિનંતિના જવાબમાં તેમણે હાલતુરત તો પોતે પાલણપુર તરફ જવા વિહાર કરે છે. ત્યારબાદ " જેવી ક્ષેત્ર ફરસના " એવું જણાવ્યું હતું.

ઉપરની હકીકત નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇને વંચાવી તેમની સંમતિ લઇ છપાવવામાં આવી છે.

**શકરાભાઈ લલ્લુભાઈ મનોરદાસ**
**ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.**
( મળેલું. )

---

**જયંતિ**—માગશર વદ ૬ ના રોજ સ્વ૦ મહાત્માશ્રી મૂળચંદજી મહારાજશ્રીની સ્વર્ગવાસ તિથિ હોવાથી ગુરૂભક્તિ નિમિત્તે આ સભાએ સવારના સાડા આઠ વાગે શ્રી દાદાસાહેબના જિનાલયમાં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી કૃત ઋષીમંડળની પૂજા ભણાવવામાં આવી હતી તથા અંગ રચના કરાવવામાં આવી હતી તેમજ બપોરના બાર વાગે શ્રી લોંકાને વંડે સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવા વર્ષના જૈન પંચાંગ.

નવા વર્ષ સં. ૧૯૯૦ ની સાલના કાર્તકી જૈન પંચાંગ અમારા તરફથી છપાયેલ છે. જલ્દી મંગાવો. પાછળથી મળી શકતા નથી.

કીંમત અર્ધો આનો : સો નકલના રૂા. ત્રણ.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

તૈયાર છે. **જલદી મંગાવો.** તૈયાર છે.

## દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્ર–શબ્દાર્થ–ભાવાર્થ–અન્વયાર્થ સહિત.

બાળઅભ્યાસીઓને પોતાના અભ્યાસમાં બહુ જ સરલ પડે તેવી રીતે આ બુક તૈયાર કરી છપાવેલ છે.

દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્રની બુકો આ પહેલાં કેટલીક પ્રગટ થયેલ છે, તેનાથી આ બુકમાં ઘણીજ વિશેષતા અને વધારો કરેલ છે, તે જોવાથી વાચક જાણી શકશે; તેટલું જ નહીં કે જેથી આ બુક પ્રમાણે દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્રના અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં બેસીને પણ તે ધોરણની પરીક્ષા ઉંચા નંબરે પસાર કરી શકશે. હિન્દના દરેક શહેર યા ગામની પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માટે સરલ અને ઉપયોગી કેમ બને તે લક્ષ્યમાં રાખીને આ બુક અનેક વિષયો દાખલ કરી તૈયાર કરવામાં આવી છે. આ બુકની કિંમત માત્ર નામની જ દશ આના તથા ટપાલખર્ચ ત્રણ આના રાખવામાં આવેલ છે. તે સાહિત્યપ્રચાર અને બાળકો વિશેષ લાભ લઇ શકે તે હેતુને લઇને જ છે. મંગાવો—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૧ મું. વીર સં. ૨૪૬૦. પોષ આત્મ સં. ૩૮. અંક ૬ ઠ્ઠો.

## વંદે માતરમ્

"જગતનાં રાજ્ય શાસનોમાં માતૃત્વની ભાવના જ્યાંસુધી નહિ જાગે ત્યાં સુધી તેમાં કઠોરતા રહેવાની. અશક્ત અને અપંગને ભુખે મરવા દેનાર, માનસિક દુર્બલતાના દયાપાત્ર દર્દીઓને તેમના સ્ખલનો માટે સજા કરી કેદમાં પૂરનાર, ઉંચ-નીચ અને ગરીબ-તવંગરના ભેદને સ્થાયી બનાવનાર, હારજીતની પટાબાજી ખેલી પડોશની પ્રજાઓ સાથે નિરંતર કજીયો કરનાર રાજ્યસત્તા એ વંદન યોગ્ય માતા નથી. એ તો કોઇ રૂધિરતરસી રાક્ષસી છે. જેને વંદેમાતરમના જયઘોષથી હિંદવાસીઓ વધાવે છે એ માતાને રૂધિર ખપતું નથી. એ પરમ સાત્વિક જનની આખા જગતને અહિંસા, દયા અને પ્રેમનો આદેશ આપતી ઉભી છે. માનવ જાતનો વિકાસ પશુતા ઉપર અવલંબીને રહ્યો નથી, પણ પ્રેમ ઉપર અવલંબીને રહ્યો છે, એના પ્રત્યક્ષ દષ્ટાંતરૂપ બનેલી મૈયાને સદાય વંદન હો !"

'વંદે માતરમ્'

"દિવ્ય ચક્ષુ" માંથી

For Private And Personal Use Only